બચ્ચાંને ઘરની કેલવણી વિષે માતાની ફરજો.

અથવા

તમારાં બચ્ચાંને સારા માણસ કરવા હોય
તો તેમને બરની ઘરની કેલવણી
માતા તરફથી મલવી જોઇયે
અને તે કેવી જોઇયે તેના
થોડાક નિયમો.

ઇંગ્રેજી ઉપરથી

રચનાર

એક જરથોસ્તી બાનુ.

મુંબઈ:

ધી જ. ન પીતીત પારસી ઓરફનેજ કેપતન પ્રીંટીંગ પ્રેસ.

૧૮૯૪

કીમત રૂ. ૦ાા

પ૭૨૯

બચ્ચાંને ઘરની કેલવણી વિષે માતાની ફરજો.

અથવા

તમારાં બચ્ચાંને સારા માણસ કરવા હોય તો તેમને બરની ઘરની કેલવણી માતા તરફથી મલવી જોઇયે અને તે કેવી જોઇયે તેના થોડાક નિયમો.

ઈંગ્રેજી ઉપરથી

રચનાર.

એક જરથોસ્તી બાનુ.

મુંબઈ:

ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રીંટીંગ પ્રેસ.

૧૮૯૪

અર્પણ પત્રિકા.

નેકનામ, સખી વજુદ,

બાઈ સાહેબ દીનબાઈ નશરવાનજી પીતીત,

એઓના

પરમાર્થી કામોની કીર્તિ અને નેકનામીની યાદમાં

તથા

એક અબલા લખનારી તરફના સાચાં માનની ઇધાણીમાં

જે ભલાં કામો એમના મુબારક હાથે થયાં છે અને થાય છે

તે ભલાં કામોનો

કોમમાં વધારો કરનારી એવી જે ઘેરની કેલવણી તે સંબંધી

આ અદના પુસ્તક

એમની ખાસ પરવાણગીથી

નમ્રતા પુર્વક અર્પણ કરૂં છું.

લા૦ એક જરથોસ્તી બાનુ.

દીબાચો.

પાક પરવરદેગારનું મુબારક નામ યાદ કરી, તે સર્વ શક્તિવાનની મેહરબાનીથી હું મારૂં આ અદના લખાણ વાચનારી આલમ આગલ રજુ કરૂંછું. તેમ કરવાની મારી મુખ્ય મતલબ એજ છે કે બાળકોના મનને યોગ્ય રીતે કેળવવા ને ખીલવવાના કામમાં તે માતાઓને મદદગાર ભોમ્યા જેવું થઈ પડે. આ નાનું પુસ્તક મી. પાઇ ચેવેસીસ નામનાં વિદ્વાન ગ્રંથકર્તાના ઈંગ્રેજી લખાણપરથી આપણી હાલતને અનુસરતો ફેરફાર કરી રચેલું છે. તનદરૂસ્તી ને મનદરૂસ્તીને લગતી બાબદોપર ડા. પાઈ ચેવેસીસ કહે છે, કે, તેણે ૩૦ થી વધુ વર્ષો સુધી મેહનત લીધી છે અને તેને ખીલવી છે. આ ચોપડીના વિષયો બાળકોનાં મનને કેવી રીતે કેળવવું ને ખીલવવું તે શિખવેછે. તનની જતન તથા સંભાળની સાથે સાથેજ મનની કેળવણી બરાબર ચાલવી જોઇએ. તનનો આધાર મનપર ને મનનો આધાર તનપર છે. બચ્ચાંના મગજની કેળવણી ને ખીલવણીની બાબદ અતીશય જરૂરની છે, એમ સર્વકોઇ એક મતે કબુલ કરશે. આ દેશમાં ઘણા ભાગે છોકરાંઓને ઘણીજ કંગાળ રીતે કેળવવામાં આવેછે, અથવા બરાબર બોલીએ તો ઘરની રૂડી કેળવણી તો તેઓને તદન આપવામાં આવતીજ નથી; અને તેથી આવી અગતની બાબદપર થોડાક વિચાર દરશાવેલા હુ ધારૂંછું કે નકામા ગણાશે નહી. ઉઘરતી ઓલાદના ભલાં માટે માતાઓને સચેત રાખવાની ખાસ જરૂર છે. હું ઘણાં અફસોસ સાથ જોઉછું કે ઘરની કેળવણીની, રૂડી નીતિરીતીની કેળવણીની આપણામાં ઘણી ખુટછે, કે જે થોડી ઘણી આ મારાં અદના લખાણથી પુરાય એવી દુવા તે પાક પરવરદેગાર પાસ ચાહુછું.

સાંકળ્યું.

સાંકળ્યું.

સફે.

સાંકળ્યું.

સાંકળ્યું.

સાંકળયું.

૫૭૧૯

બચ્ચાંને ઘરની કેલવણી વિષે માતાની ફરજો.

અથવા

તમારાં બચ્ચાંને સારા માણસ કરવા હોય તો તેમને બરની ઘરની કેલવણી માતા તરફથી મલવી જોઇયે અને તે કેવી જોઇયે તેના થોડાક નિયમો.

અંતકરણ.

ખુશાલ અંતકરણની મોજ ન્યારીજ હોય છે. માટે બચ્ચાંનું અંતકરણ રૂડી સમજથી ખીલવેલું ને ખુશી ભર્યું રાખવાની જરૂર છે. એક બાળકને તેના ખરાં દીલથી સમજતાં શીખવવું જોઇએ, કે, મુગાં જાનવરો તરફ ઘાટકીપણું વાપરવું એ ઘણુંજ ખોટું છે. વળી તે નિર્દોષ બાળકે અંતકરણથી સમજવું જોઇએ કે જૂઠું બોલવું તથા નિંદા કરવી એબી ઘાટકી ને પાપી કામ છે. કોઇબી પ્રાણીમાત્ર તરફ માયાલુપણું બતાવવું એમાં મીલનસારી છે, તો પોતાના ભાઈબેનો તરફ મીલનસાર થવાની બચ્ચાંઓની ખાસ ફરજ છે. માતા, પ્રિય માતાએ પોતાના વહાલાં બચ્ચાંનાં અંતકરણને ઘણુંજ નમ્રપણે ખીલવવું જોઇએ. કેમજે જો અંતકરણની લાગણી એક વખત સુંન મારી ગઈ તો પછી તે પાછી સજીવન થવી મુશકેલ છે.

અસભ્યતા.

એક બાલકને કદીબી પોતાની માતા તરફ અસભ્ય થવા દેવું નહીં. જો કોઇબી વખતે તે અસભ્યપણું દેખાડે તો તેને તુરત અટકાવવું જોઇએ. તેને પોતાની માતાને સર્વમાં સરસ અને ચઢતી ગણતાં શીખવવું જોઇએ. તે બાલકને શીખવવું જોઈએ, કે તેની માતા તરફ બેઅદબ થવું એ ઘણુંજ મોટું અપવિત્ર ને અધર્મિ કામ છે. માતાને માન આપવું એ બચ્ચાંની પેહલી ફરજ છે, એમ તેના કોમળ જીગરમાં કુમલેપણેથી ઠસાવવું.

અણઘટતું દબાણ.

ચોપડીઓ ને ભાષા શીખવવા બાળકોપર અણઘટતું દબાણ. કરશોના. જેમ એક ખુશીથી કામ કરતા ઘોડાને ચાબકો નહી, પણ માત્ર લગામનીજ જરૂરછે, તેમ એક શીખતાં બાળકને ઘણાં દબાણની નહીં, પણ માત્ર ઘટતા આંકોશની જરૂર છે. અણઘટતાં દબાણથી બચ્ચાંની મનશક્તિ તેમજ તનશક્તિનો નાશ થાય છે એ તદન ખરૂં ને અનુભવેલું સિદ્ધાંત છે. માટે બાળકોને તેઓની શક્તિ મુજબ શીખવવું સારૂં છે.

અગમબુદ્ધિ.

આપણાં બચ્ચાંઓની કેલવણી આપનારી કાળજીવાલી માતામાં અગમ બુદ્ધિની જરૂર છે. તેઓએ કસુર પડવે એકદમ ઉશકેરાઇ સજા ન કરતાં, સારી સલાહ આપવી, અને ડહાપણથી ને શાંતીથી કામ લેવું; શું બોલવું ને શું કરવું તે ધીરજથી વિચારીને કરવું એ અગમબુદ્ધિ છે.

અસુખી બચ્ચાં.

એક અસુખી બાળકનો દેખાવ ઘણો દુઃખ ભર્યો ને અખુદરતી લાગે છે. આ દુન્યામાં ગમે એટલુંબી દુઃખ હોય,—કે જેના બે મુખ્ય કારણો પાપ ને મુર્ખાઈ છે,—તેનો હીસ્સો કદીબી એક બાળકને ફાલે આવવો નહી જોઇએ. તેઓનુ અંતકરણ ખુશાલીથી ભરપુર ને હર્ષિત રહેવું જોઇએ. ખુદરતના ખાવિંદે તેઓને સુખ માટે સરજેલાંછે, માટે તેઓને સુખી રાખવાની કોશીશ કરવી જોઇએ. આપણ ઉમરે પુગેલાંઓ કે જેઓને ફીકર ચિંતા, દુઃખ દલગીરી, અને બીજી ઘણીએક મુશકેલીઓ હોયછે, તેથી જો દુખી કે દલગીર દેખાઇએ તેમાં નવાઈ નથી; પણ નિર્દોષ કુમળાં બાળકો તો હસતાં રમતાં, ખાતાંપીતાં, ને ખુશખુશાલ રહેવાં જોઇએ. રમત ગમત એજ બચ્ચાંઓનું કામકાજ છે એજ તેઓની કસરત છે, ને એમાંથીજ તેઓ કેટલુંક ઉપયોગી જ્ઞાન શીખેછે.

આબરૂ.

છોકરાઓ અને છોકરીઓની ચાલચલણ સુધારવા માટે આબરૂ એ ઘણુંજ અગત્યનુ સાંધન છે. તક મલવે તુરતજ તેમના મગજમાં આબરૂની સમજ ને મતલબ ઠસાવવી જોઇએ. જે છોકરાંઓની ઈજતની લાગણી

મંદ થઇ જાય છે, તેમને સુધરવાની આશા રહેતી નથી. માબાપોએ છોકરાંઓને આબરૂ આપી, તેઓ સાથ માનપુર્વક રીતે વર્તી તેઓની ઈજતની લાગણી ખીલવવી જોઇએ. બેઆબરૂ બચ્ચાંઓ નફ્ફટ નિવડે છે.

આશા.

નિરાશ થવાના કરતાં આશાવંત થવું સારૂં છે. રૂડી આશ જીંદગીનું જેહરી પ્યાલું મધુર ને મીઠું બનાવે છે. જ્યારે આજુ બાજુ બધે ઉદાશી ને શોકાતુરપણું જણાય છે ત્યારે આશાવંત જુવાન જીગર આનંદી રહે છે.

એક કામ એકે વખતે પુરેપુરૂં કરવું.

અગર જો એક માતા પોતાનું કામ ચોકસ ને સારૂં કરવા ચાહતી હોય, તો તેણીએ તે કાયદાસર ને પુરેપુરૂં કરવું. ઘણુંએક કામ અધુરૂં ને અપુર્ણ કરવું એ ભુલ છે.

આતશની આશનાઈ.

બચ્ચાંને આતશની કે દીવાની રમત કરતાં તુરત અટકાવી તેના ગેરફાયદા સમજાવવા, ને જો તે સમજાવતની અસર તેની પર નહીં થાય તો સખ્ત સજાથી દાખલો બેસાડવો. સારી તરબીએતથી ઉધારેલાં નમ્ર બાળકને તો તેની ચાલ સુધારવા માટે તેની પ્રીય માતાના બોલજ બસ થશે. બચ્ચાંઓ આતશ તથા દીવાની રમતના ઘણાં શોકીન હોય છે, પણ એ રમત ઘણી જોખમભરી છે, માટે તુરત અટકાવવી જોઇએ.

આશા, કબુલાત, ને નિર્દોષતાનો વખત.

બચપણ એ આશા, કબુલાત, ને નિર્દોષતાનો મધુર મીઠો વખત છે. સચ્ચાઈ ને પ્યારથી તે ભરેલો છે. કપટથી તે ખાલી છે. હા, તે સુખી વખત, કે જ્યારે ખુશાલીથી ઉછાળા મારતાં હર્ષિત હૈડાંને દુખ કે દલગીરીનો દાધ લાગેલો નથી. માટે ઓ માતાઓ તમારાં બ્હાલાં બાળકોને બચપણમાંથી ઘણાજ સંભાલથી ને નમ્રતાથી રૂડી કેળવણી આપી ઉછેરજો, અને તમે તમારી રૂડી આશાઓ, ને કબુલાતો, પુરી પડેલી જોશો. બચપણ, એ તે મોટા બાપની બેમુલી બક્ષેશ છે, કે જેને—ઓ માતાઓ—સંભાલથી વાપરજો, ને નમ્રતાથી ઉછેરજો; કેમજે ભવિષમાં તેઓ કેવાં નિવડશે, તેનો મોટો આધાર બચપણની રૂડી ને માયાળુ કેલવણી પર છે.

આંકોશ વિનાના બચ્ચાં.

આંકોશ વિનાના બચ્ચાં બેહકી જાય છે, અને તેવાં બચ્ચાં તેમની માતાના વશમાં રહેવાં મુશકેલ પડે છે. તેઓ નાથ વિનાના બળદિયા મીશાલ હોયછે. કેટલી બધી માતાઓ મોડું થયાપછી પસ્તાય છે, કે, તેઓએ બચ્ચાંઓને ઘટતા આંકોશમાં રાખ્યાં નહીં, ને તેમની મરજી મુજબ અણુઘટતી રીતે ચાલવા દીધાં, જેના પરીણામમાં હવે તેઓ તેણીને માથેનાં થયાં છે.

આગમાં પાણીને બદલે તેલ નામશો ના.

અગર જો તમારૂં બચ્ચું પડી ગયું હોય, અથવા તેને કોઇથી કોઇબી રીતે ઇજા થઇ હોય તો તેને સામો ઠપકો આપી ધમકાવશો ના. તેની બેદરકારી હોય કે બીજો કોઇબી કસુર હોય, કે જેને માટે તેને ઈજા તો થઇ ચુકી છે, તો હવે તમે તેના દુખ પર વધુ દહામ દેશો ના. શેકશપીઅર કહેછે કે જ્યારે તમને પલાસ્ટરથી જખમને રૂજવવો જોઈએ, તેને બદલે તમે તેને ચુંઠોછો.

ઈનસાફ.

એક તરફી નહી પણુ અદલ ઇનસાફી દરેક માતાએ થવાની ખાશ જરૂર છે. બચ્ચાં ઘણું બારીક નજરનાં ને ચાતુરી ને હાજર જવાબી હોય છે, અને બીજાં બચ્ચાંને પોતા કરતાં વધુ ચહવાયલું જોય છે, ત્યારે તેને ધિક્કારતાં શીખેછે, માટે તેઓની ફરીઆદો જે આપણે મનથી નજીવી પણુ તેઓને મન મોટી છે, તે હમેશ અદલ ઇનસાફથી ચુકવવી, અને ગેરઇનસાફ નહી થાય, તેની ખુબ સંભાળ રાખવી.

કડવા સખુનો.

કડવા સખુનો બાલકો તરફ ઓચરવાથી પરહેજ રહેવું. કાતેલ જેહર સરખા શબ્દો તેના કોમલ હૈડાંને અનુકુળ થતા નથી. અગરજો એક બચ્ચું ચિરડાઉ ને ચીબાવલું થાય તો તેને સારા મધુર શબ્દો, પણુ લાયક ને વાજબી શબ્દોથી શાંત કરજો. કડવા શબ્દો, ને તીખી તકરારો, વારંમવાર કીધાથી કડવાં પરીણુામ આવેછે. સેંટ પાલ ભરથારોને કહેછે કે કદીબી તમારી મોહરદારો તરફ કડવા થશોના. હું માતાઓને અરજ

કરછું કે કદી તમારાં બચ્ચાં તરફ કડવાં થશોના. કાતેલ સખુનો કોમલ હૈડાંમાં તીર મીશાલ ભોકાઇ તેને દુખી કરેછે, અને જલદી ભુલી જવાતા નથી. માટે કડવા સખુનો વારેઘડીએ વાપરવા નહી.

કામકાજ.

બચ્ચાંઓને તેમને લાયકનું નાંનું કામ સોંપતાં રહેજો. તેને લાયક બહારના ફેરા કે કામકાજ, કંઇ ચીજ લાવવી લઇજવી, કે એવુંજ કંઇ હલકું કામ તેને સોપતાં રહેજો. તેથી તેનું મન ખીલશે તથા સમજ અક્કલમાં વધારો થશે, ને કઈને કઇ ઉપયોગી ગ્નાન નજરે જોઇને મેલવશે. તે કંઇ બાબદનો ખુલાશો તમોથી માંગે, કે બહાર જોયલી ચીજો વીશે પુછપરછ કરે તો તેનો વાજબી જવાબ આપજો, કે જેથી તેની અવલોકન કરવાની શકિત ખીલશે, ને તે ચાલાક નિવડશે.

કસરત.

હાલ આપણામાં કસરતનો ખુશી થવાજોગ વધારો થતો જણાયછે. આપણી આવતી ઓલાદને મજબુત, જોરાવર, ને કદાવર બનાવવાનો એ અકસીર ઉપાયછે, અને તેને સર્વેએ લાયક ઉત્તેજન આપવું ઘટેછે. એક જોરાવર માણસ પોતે પોતાનો જરૂર પડવે બચાવ કરી શકેછે તેમજ બીજાઓને ઉપયોગી થઇ પડેછે. તેથી ઉલટું નબળાં માણસો; પોતાનો બંચાવ કરવાને, જરૂર પડવે, અશક્ત હોયછે, ને તેમના માબાપ તથા સગાવાહાલાંની ઇતેજારીનું મુળ થઇ પડેછે. તેને પોતાનાજ દુખ, દરદો, ને મુશકેલીઓનો ઉપાય કરવાનો, તથા તબીએતની સંભાલ લેવાની હોયછે, ત્યારે તે બીજાંને મદદ તે શું કરી શકશે? એક નબળી બાનુ જોકે પોતાનાં ભલાં દીલથી બીજાંઓને મદદ લાગવાને ખુશી હોયછે, તોપણ તેની નબળી તનદરૂસ્તી તેને તેમ કરતાં અટકાવેછે, માટે માબાપોને ઘટારત છે કે પોતાના છોકરા તેમજ છોકરીઓને તેમને લાયકની કસરતથી કસીને મજબુત કરવાં.

કદી વખત ગુમાવવો નહીં.

બચ્ચાંઓને કદીબી સુસ્ત થવા દેવાં નહીં, પણ તેઓનો વખત તેઓને લાયકની રમત ગમતમાં રોકેલો રાખવો એ ઉધરતાં બાળકોની તનદરૂસ્તીને માટે ઘણુ જરૂરતું છે. તેઓને હમેશ સહવાર સાંજ ખુલ્લી હવામાં ફેરવવાં, તેઓને લાયક ઘણાં સરખાં રમકડાં અપાવવાં, અથવા

તો સુથારને લાયકના નાનાં હથિઆરો અપાવવાં, કે જેથી તે પોતાને પસંદ પડતી ચીજો બનાવી તેમાંથી ગમત મેલવે. તેઓને પતંગ ચકાવવા દેવાં, અથવા તો નાનો પાવરો ને ખુરપી અપાવી બગીચામાં તેઓની પોતાની નાની નાની કયારીઓ બનાવવા દેવી, કે લખોટાથી આંગળાંને કસરત લેવા દેવી. ટુંકમાં જાણવું જે એવી રીતે બાળકોનો વખત નકામો ગુમાવેલો કહેવાશે નહીં, પણ તેમના શરીરની ખીલવણી માટે ઉપયોગી રીતે રોકેલો કહેવાશે. રમત એજ બચ્ચાંનું કામ છે, અને જો તેઓને રમતમાં ઉપયોગી જ્ઞાન શીખવશો તો તેઓ જલદી શીખશે, ને ખુશીથી શીખશે.

કસુરો.

બચ્ચાંઓથી જ્યારેબી કઇ કસુરો બને, ત્યારે તેઓ ફરીથી તેમ ન કરે, માટે નરમાસ ને પ્યારથી સમજાવવાં. બચ્ચાંનાં કેટલાક કસુરો ખબર લેવાને તુરત સુધારવા જેવા હોય છે, ત્યારે કેટલાક નાખતી કરવા જોગ પણ હોય છે, માટે એક માતાએ સારી સમજ વાપરી તે સુધારવા જોઇએ. વારેઘડીએ બાળકોને ધમકાવ ધમકાવ કરવાં નહીં, કેમજે તેથી તેમનો સ્વભાવ બીગડે છે, તેમની ખુશીનો ને તનદરૂસ્તીનો નાશ થાયછે, કે જે તનદરૂસ્તી જાળવવાને માતાઓ ઘણી ખંતી હોય છે. સખત બિમારીમાંથી ઉઠેલાં બચ્ચાંઓ ઘણાં ચિરડાઉ, ને જરા જરામાં મીજાજ ખોહી દે એવાં હોય છે, તેમને માયાળુપણેથી ને ધીરજથી સુધારવાં જોઈએ. એક બચ્ચું કે જેને વારેઘડીએ ટોક ટોક કરવામાં આવે છે, તેને વખત જતાં પોતાનું ઘર અકારૂં પડે છે, અને તે બેદીલ ને મંદ મુર્ખ જેવું બને છે, માટે ઓ માતાઓ, બાળકોના કસુરો જેટલા તમે નરમાસ ને પ્યારથી સુધારી શકશો, તેટલા સખતાઇથી સુધારી શકશો નહીં. કયાં સખતાઇ વાપરવી, ને કયાં નરમાશ વાપરવી તે તમોએ ડહાપણથી વિચારવું જોઇએ. કેટલાંક બાળકોમાં નઠારી ટેવ હોયછે, જેને જડમુળથી કાઢી નાખવાની જરૂર છે. જેમ બગીચાના સુંદર ફુલોના રોપાઓને, જંગલી નુકસાનકારક ઝાડ ઝાખરાંઓથી બચાવવાની જરૂર છે, તેમજ આપણાં ગુલાબી બાળકોને નઠારી ટેવોથી દુર રાખવાની આપણી ફરજ છે. અગરજો આપણા કુમળા છોડવાઓની નઠારી ટેવોને બચપણથીજ જડમુળથી ઉખેડી નાખશું નહી તો તે આગલ જતાં પાપનું રૂપ ગ્રહણ કરશે; અને તે પાપથી જે ઘતાકી પરીણામો નીવડશે, તે ખચીત ખેદકારક થશે.

કઈબી કામ નહી કરવું એ ઘણુંજ મુશકેલ કામ છે.

તંનદરૂસ્ત હાલતમાં કઈબી કામ નહી કરવું, એ ઘણુંજ કઠણુ કામ છે. જ્યારે એક બાળક કઇપણ કરતું નથી, ને ગુપચુપ બેસી રહેછે, ત્યારે જાણવું જે તેના શરીરમાં કઈબા બીગાડ થયો છે, ને તે દરૂસ્ત કરવાની જરૂર છે. તંનદરૂસ્ત હાલતમાં બાળક કદીબી સુસ્ત બેસી રહેતું નથી, પણ કઇને કઇ કરવાનું તેને ગમે છે. તેના ચટપટયા હાથ પગ કદીબી એક જગે થંબ રહેતા નથી. ખુદરત તેઓને એમ કરવાને ગોયા શીખવેછે, ને મોટાંઓને ધડો આપેછે. કામકાજ એ સુખ છે, એક આશિર્વાદ છે. કઇપણ કામકાજ વિનાના માણુસો કંગાળ છે.

કંઈપણ કરવાને તત્તપર.

એક તનદરૂસ્ત બાળક કઈબી કામ કરવાને તત્તપર હોય છે. ફક્ત તેને કોઇ બરાબર રીતે દોરવનાર જોઇએ છે, કે જેથી તે કાયદાસર ચાલે. બાળકોને હીલચાલ તો કરવીજ જોઇએ, ને રમત ગમતબી કરવી જોઇએ. ખુદરતેજ તેઓમાં એવી બુદ્ધિ મુકેલી છે, કે જેને તેઓ તાબે રહે છે. એક બચ્ચું હમેશ કઇપણ કરવાને તત્તપર હોય છે, ને કદીબી જો તનદૂરસ્ત હોય તો સુસ્ત રહેતું નથી. સુસ્તી માણુસોને તે નકલ કરવાજોગ નમુનો છે.

કડવા સખુનોનું જેહર.

ભુલચુકથી પણુ બોલાયલા એક કડવા શબ્દનો અવાજ કાનને એવો કઠોર લાગેછે, કે જે લાંબી મુદત સુધી દીલને જખમી થવાને કારણુ આપેછે, અને વર્ષો સુધી તેનો જખમ વખતે રૂઝાતો નથી. કેટલાંક માણુસો જાણુતા નથી કે તેઓ પોતાના ઘાતકી ને બેદરકાર બોલોથી બીજાનું હૈડું કેવું વીંધેછે? માયાળુ માતાઓ, ને પ્રિય પીતાઓ, તમારાં વહાલાંઓ તરફ કડવા શબ્દો ઓચરવા આગમજ ખુબ વિચાર કરજો.

કજીઓ કંકાસ.

છોકરાંઓને કદીબી માંહોમાંહે કજીઆખોર થવાં દેવાં નહી. તમે કહેશો કે ત્યારે તેઓને કેમ અટકાવવાં. ડહાપણુભરી તદબીરથી; રૂડા દાખલાથી; સારી શીખામણુથી; અને નરમાસથી, તોપણુ મક્કમપણેથી. કજીઆ ટંટાના તોફાની મોજાઓપર તેલ નાખી શાંત કરજો, પણુ આગમાં તેલ નાખે તેવી રીત વાપરશો નાં. દરેક બાળકનાં મનપર મજબુતીથી ઠસાવજો કે કજીઓ કરવો એ મુર્ખાઇ ને ઘાતકીપણાનું

કામછે; તેમાં મુખ્ય કરી ભાઇએનોએ પોતપોતામાં કજીઆ કરવો એ ઘણુંજ શરમભર્યું ને ખુદરતથી ઉલટું કામછે. એની રીતે ચાલાકીથી, માયાથી, ને પ્યારથી તોપણ મક્કમપણાથી તેઓને શીખવો ને સમજાવો, ને રૂડા દાખલાઓ તેમના મગજમાં ઠસાવો, કે આગલ જતાં તેઓ તમારી ખુશાલીને સંતોષના સુખી મુળ થાય.

કલ્પના.

બચ્ચાંની સાથે કલ્પના કરવામાં કોણ બરોબરી કરી શકશે? એક કવી કે કથાકાહણી રચનાર, કે બીજા કોઇનાબી કરતાં કલ્પના કરવામાં એક બાળક વધારે ચઢીયાતુંછે. તે પોતાના મનમા કેટલીક વખતે વિચારોનાં વળાં પર વળાં ગોઠવી તેની એક લાંબી સાંકળી બનાવેછે. એક બાળકને એખલું પોતાની મેલે રમતમાં પડેલું જોવાનો દેખાવ ઘણો નવાઈ જેવો હોયછે, તેમજ તેના મનમાં રચેલી તેની નિર્દોષ મજાહો ને નકલી કામકાજો મોહ પમાડનારાંછે; કે જે આપણને આપણા બચપણના સુખી સ્વપનાઓની યાદ આપેછે.

કાયદો.

કાયદો તેટલો ફાયદો એ આપણામાં સાધારણ કેહવતછે, ને તે બોલે બોલ ખરીછે. દરેક બચ્ચાંને બચપણથીજ કાયદાસર ચાલતાં શીખવવું જોઇએ, કે જેથી આગલ જતાં તેવી ચોકસ ને નીયમસરની જીંદગી કિર્તીવાન થશે. નીયમ કે કાયદા વિનાનું માણુસ ઢંગધડો વગરનું ડામાડોલ હોયછે. નીયમ વગરના માણુસ કરતાં નીયમસરનું માણુસ ઘણું બજાવી શકેછે. ત્યારે બાલકોને પેહેલેથીજ નીયમોત થતાં શીખવો કે જીંદગી સુધી તે આદત તેઓને વલગી રહેશે, ને ભવિષની જીંદગીમાં તે ઘણી ઉપ્યોગી થઇ પડશે. તેમને દરેક ચીજ યોગ્યરીતે ને કાયદાસર કરવા હેજો, જેથી તમારી ઘણીએક મુશકેલીનો અંત આવશે ને ઘણાએક વખતનો બચાવ થશે. બાળકોને નીયમસર ચાલતાં કેમ શીખવવાં? સેહેલાઇથી. દાખલા તરીકે જ્યારે તેઓ પોતાના રમકડાંથી રમી રહે કે તે સર્વ રમતની ચીજો તેઓ પાસેજ ઉચકાવીને ઠેકાણેસર મુકાવવી. તેઓ વાંચી લખી રહે ત્યારે તેઓની ચોપડી સ્લેટ પેન સર્વ તેઓ પાસેજ ઠાવું રખાવવું, કે જ્યારે તેની પાછી જરૂર પડે, ત્યારે એક પળમાં તે હાજર કરી શકાય. એમ કીધાથી તમો સેહલાઇથી તેઓને કાયદાનો ફાયદો શીખવી શકશો.

દાખલો.

હરેક બાબદમાં બચ્ચાંઓને આપણા દાખલાથી વધારે સારી રીતે કેળવી શકીશું. બચ્ચાંઓ ઉપર આપણે જોઇએ છીએ કે શીખામણની અસર ઝાઝી થતી નથી, પણ પોતાના માબાપની, તેમજ આસપાસનાઓની વર્ત્તણુકના દાખલાની અસર વેહેલી થાયછે. તેઓ પોતાની નિર્દોષ રમત ગમતમાં તેમની જે નકલ કરેછે, તેજ બતાવેછે કે તમારી ચાલચલણ ને તમારાં કામોની અસર તેઓ ઉપર વેહલી થાયછે. માટે તમારાં કામો ને વચનો, ને વર્તણુંક એવી રાખજો કે જેની નકલ તમારાં બચ્ચાં કરે તો તમુને શરમાવું નહી પડે.

કામકાજ.

કામ કાજનાં ઉપ્યોગી સર્વ કોઇએ થવું જોઈએ, તેમજ બાળકોએ પણ થવું જોઈએ. ત્યારે તમારાં બચ્ચાંને કઇ પણ કામ તેને લાયકનું સોંપો, કે જેથી તે ઘણુ સુખી થશે. એક બચ્ચાંને તેની માતાને ઉપ્યોગી થતાં શીખવવું જોઇએ, પછી તે કામ ગમે એવું નજીવું હોય. જેમકે ઓરડામાંની ચીજો સમુજાવીને ઠેકાણેસર ગોઠવવી, પડયું ખડયું ઉંચુ નીચું કરવું, અથવા કંઇ નાની ચીજ એકથી બીજીગમ લાવવી લઇ જવી, કે કંઇબી નાનું કામ કે જે તે ખુશીથી કરે એવીરીતે સોંપવું; અને તે સોંપેલું કામ તે બાળકે બજાવ્યા પછી તેની માતાએ મીઠા શબ્દોમાં તેનો ઉપકાર માનવો, કે જેથી તેની ઉપયોગી થવાની ઉલટ જારી રહે. ખુદાતાલાએ આપણને ઉપયોગી ને ભલાં થવાંને સરજેલાં છે, એમ તેના કોમળ જીગરમાં હમેશ ઠસાવજો. તેઓ નાનાં ભુલકાં હોય ત્યારથીજ કામને ચાહતાં શીખવજો, ને આળસાઈને ધીક્કારવા શીખવજો. આપણી તંનદરૂસ્તી ને સુખશાંતિ માટે કામકાજ કેવળ જરૂરનું છે. જેઓ તનનું કે મનનું કશું કામ કરતાં નથી, તેઓ બીચારાંને ખચીત અસુખી જાણવાં. હું કાંઇ એમ નથી કહેતી કે બાળકોએ મનનું કામ કરવું જોઇએ. સાત વર્ષની અંદરના બાળકોને નિશાળની કેળવણીની જરૂર નથી. તેમના નાના હાથ અને પગથી બની શકે તેવું, અને ખુશીથી, ઉલટથી કરે તેવું કામ કરાવવું. ઘણાં એક જુવાન માણસો પોતાનો વખત નકામો ગુમાવી નાંખેછે. તેમનો જીવ પોતાના કામપર તો બરાબર લાગતોજ નથી. તેઓ કદાચજ ખુશીથી કામ કરેછે. કેટલાંકો વળી કામ કરવું હલકું સમજેછે, કે જેથી તેઓને ખચીતજ ભવીષની જીંદગીમાં નુકસાન પુગે

છે. માટે પ્રિય માતાઓ તમારાં બાળકોને બચપણથી કામને ચાહતાં શીખવજો, ને આળસાઇના બુરા દેવને ધીક્કારતાં શીખવજો, કે જેથી તેઓનાં સુખી જીગરના સાચ્ચા આશિર્વાદ તમો પામશો.

કામનો કંટાળો.

શું ઓરત કે શું મરદને તેને બરતું કામ કશી હેરાનગતી પુગાડતું નથી, પણ સામું માફકસર કીધેલું કામ તનદરૂસ્તી તથા જીંદગી વધારેછે; જ્યારે કોઇબી જાતનો કંટાળો હેરાનગતી પુગાડનારો ને તનદરૂસ્તીનો નાશ કરનાર છે. કામથી ભુખ છુટેછે; કંટાળાથી ભુખ મરી જાય છે. કામ કે જ્યારે જીવને ખુશીથી ખીલવેછે; ત્યારે કંટાળો તેને બાળી ભશમ કરેછે. કામથી માણુસનો સ્વભાવ મીઠો બને છે, પણ કંટાળાથી તે ચિરડાઉ બનેછે. કામ એક સાચો દોસ્ત છે; કંટાળો કટ્ટો દુશમન છે. માટે હમેશ કંટાળો દુર કરી ખુશીથી કામ કરવાને તમારા દીકરા અને દીકરીઓને શીખવજો.

કેળવણીમાં કરકસર કરશો ના.

તમારા મોજ શોખની કે બીજી બાબદમાં કરકસર સુખેથી કરજો પણ કેળવણીમાં કરકસર કરશો ના. એક બચ્ચાંની કેળવણીમાં માતાની મેહનત મોટો ભાગ બજાવેછે, કેમજે બચ્ચાંની કેળવણી તેના જન્મથીજ શરૂ થાય છે. માટે બચપણની પેહલી શરૂઆતથીજ તેને સારી આદતો ને શરણ કરવું, ને નઠારી ટેવો તથા નઠારી સંગતથી દુર કરવું. પેહલી શરૂઆતજ સારા પાયા પર કરવી, કે જેથી તેનું સેવટ પણ સારૂંજ આવશે. માતબર માતાઓએ આયા રાખવી તે સારી આબરૂની ને ભલા ખવાશની રાખવી. હલકી આબરૂનાં ને નીચ ખવાશનાં નોકરો કદી રાખવાં નહીં. ત્યારપછી એક સારી ભલી ગવરનેસ શોધજો, કે જે પોતાનો કીમતી હવાલો, અને તેની જોખમદારીની કદર સારી રીતે પીછાણુતી હોય. મધ્યમ વર્ગના ઘરોમાં ને ગરીબ ઘરોમાં માતાઓએ પોતેજ ગવરનેસનું કામ ખાસ કાળજી ને મેહનત લઈ બજાવવું, કે જેના બદલામાં તમારાં બાળકોને સારાં સકર્મી ને તાબેદાર ઉઘરેલાં જોવાનો તમને સંતોષ મલશે તેમજ સારી સ્કુલ, તથા સારા શિક્ષકો વિશેની કાળજી રાખવી, અને તેમ કરતાં તમારી શક્તિ મુજબનો ખર્ચ કરવાને વાણ કરવી નહીં.

કોઇની પીઠ પાછલ બુરૂં બોલવા દેશો ના.

તમારાં બાળકોનાં કુમળાં મગજમાં મજબુતાઇથી ઠસાવજો, કે કોઇનીબી પછવાડે બુરૂં બોલવામાં કઇ એવું તો નીચ, ને હલકું ને શરમ-ભર્યું છે, કે તેમ શું બચ્ચાંઓએ કે શું મોટાંએ કદીબી બોલવું નહીં. દુન્યામાંથી ઘણુંએક દુખ ને દલગીરીનો નાશ કરવાનું સવાબ તમો—ઓ નેક બખ્ત માતાઓ,—કરી શકશો. જો તમારાં વહાલાંઓને બચપણથીજ નિંદાનું જેહર પોતાની જુબાંમાં નહી રાખવાને શીખવશો તોપણ તે મોઢેની શીખામણની સાથેજ તમારો પોતાનો રૂડો દાખલો જેવી અસર કરશે, તેવી ખાલી શીખામણ કરશે નહીં.

કુમળું ઝાડ વાળીએ તેમ વળે.

આપણામાં કહેવત છે કે ટાઢ જાય રૂતે, ને આદત જાય મુવે. અને ખરેખર એ કહેવત ઘણી વજનદાર છે. માટે બચપણથીજ સારી આદતો રાખવાની કેટલી બધી જરૂર છે? સારી કે ખરાબ જેવી ટેવ એક બાળકને પડી કે તે તેની ગોયા ખુદરતી ખાસીએત થઇ પડેછે, અને તેજ પ્રમાણે તે વર્તે છે. માટે બચપણથીજ રૂડી ટેવ શીખવવાની કાળજી દરેક માતાએ રાખવી.

ખંત.

ખંત ને કાળજીવાલાં થવાને તમારાં બાળકોને શીખવજો. તેઓને સમજાવજો કે આતો મારેથી બનશે નહી, આ દાખલો તો ઘણો ભારી છે, એવું એવું બોલવું સારૂં નથી. ખંતીપણું એ એવો ઉત્તમ ગુણ છે, કે જે દરેક મુશકેલીઓને ટાળશે. ખંત ને ચાલાક બુદ્ધિ, એ બે સાથે મલી ઘણાં મહાભારત કામ બજાવી શકે છે. માટે ગમે એવાં મુશકેલ કામનીબી જો ખંતથી પુઠ પકડશો તો તમે જરૂર ફતેહ પામશો. એ બાબદમાં ઝીણા નાનાં સરખાં ચલ્યાંઓ પણ ગોયા આપણને ધડો આપેછે. જો તેઓએ તમારા ઘરમાં માળા બાંધ્યા હોય, ને તમે તે કાઢી નાંખો તો તુરત થોડા વખતમાં તે પાછો બાંધશે. અને એ મીશાલ તમે ગમે એટલી વખત કાઢી નાખશો, તો તે પાછો ત્યાંજ બાંધશે. એ મીશાલ તમો કંટાલશો પણ પેલું ખંતીલું પક્ષી થાકશે નહીં. માટે હમેશ ખંતીપણાને ઉત્તેજન આપજો. નેપોલ્યન બોનાપારટે એક વખત ટીકા કીધા હતા કે ઈંગ્રેજોના મજબુત ઠરાવ અને ખંતીપણું એટલુ બધું હતું કે તે જાણતો હતો કે તેઓ તેને કોઇબી વખતે હરાવશે. ખંત રાખવાને હમેશ બાળકોને ઉત્તેજન આપજો.

ખુશાલી, મીતાહારપણું, ને આરામ.

આ ત્રણ ચીજો બચ્ચાંને અસરકારક દવાની મીશાલ ગુણગારી છે. ખુશાલીથી બાળકનું હૈડું હર્ષિત બને છે, અને તેવાં હર્ષિત હૈડાંને દવાની ઝાઝી જરૂર પડતી નથી દવાને બદલે મીતાહારપણું ઘણોજ અમુલ્ય ગુણ છે, કે જે બાળકોમાં જરૂર ખીલવવો જોઇએ. આરામ ને ઉંઘ દરેક દુખની કુદરતી દવા છે; લૅાંગફેલો ખરૂં કહેછે કે ખુશાલી, મીતાહારપણું, ને આરામ, દાકટરની સામે દરવાજા બંધ રાખેછે.

ખાધા પીધામાં અંદાજો.

બાળકોને બચપણુથીજ મધ્યમપણું જેમ દરેક બાબતમાં તેમજ ખાધા પીધામાં પણ રાખતાં શીખવવું જોઇએ. તેઓને ખોરાકનો સારો જથ્થો આપવો જોઈએ, કે જે તેમના ઉધરભાવને જરૂરનો છે; પણ તે સાદો ને સુતરો જોઇએ. ઈંગ્રેજીમાં કહેવત છે કે, શું તમે મધના શોકીન છો? જો હોવતો એટલું ખાજો કે જે તમુને પુરતું હોય, નહી તો વધુ ખાશો તો ઉલટું કાઢી નાખશો. મતલબ કે પેટ ભરતું પણ અંદાજાસંર ખાવું, બેઅંદાજ ખાવું નહીં.

ખુશામત.

બચ્ચાંઓની ખુશામત કરવી નહી, ને કરવા દેવી પણ નહીં. અગરજો તેઓ સારી ચાલચલણથી તારીફને લાયક થયાં હોય તો, તેમની ઘટતી હદમાં વખાણ કરજો, પણ કદીબી ખુશામત કરશો ના. ખુશામત અને વખાણ એ બે વચ્ચે ઘણો ફેર છે. એક કામને માટે બચ્ચાંની ખુશામત કરવી વાજબી નથી; પણ એક બાળકે જો ફરમાવેલું કામ સારી રીતે બજાવ્યું હોય તો તેની પ્રીય માતાને મોહડેનાં મીઠાં વખાણ તેને વધારે શ્યાણું ને ઉપયોગી થવાને ઉત્તેજન આપશે.

ખોરાક, રમત, તાજી હવા, ને ઉંઘ.

જો એક બાળકને પુરતો ખોરાક, પુષ્કલ રમત, પુરતી સ્વચ્છ હવા, ને પુરતી ઉંઘ, એટલું મલે તો, પછી તે બીજી ચીજોની થોડીજ દરકાર કરશે. તે એટલાંથી તદન સુખી ને ખુશાલ રહેશે. તેને સુખી કરવાને માટે કંઇ શોભીતાં ઘર, શોભીતાં કપડાં, કે દેખામણા સરસામનની જરૂર

નથી; પણ તેને લાયકની રમત ગમત, ને સાદો સુતરો ખોરાક તેને સુખી રાખવાને પુરતાં છે. કારણ કે તેની જીંદગી સાદી છે, ને સ્વચ્છ હવા-પાણીમાં સાદી મોજમજાહ ભોગવતી છે.

ખોટી ધમકી.

બાળકોને સજા કરવાની ખોટી ધમકી આપવી એ એક ઘણોજ ખોટો ને તદન ઉલટો કાયદો છે; કેમજે જે સખ્ત ધમકી તે માબાપો બાળકને આપેછે, તે અમલમાં લાવતાં નથી, અને તેથી બચ્ચાંને ફાયદાને બદલે ગેર ફાયદો કરેછે. એવી રીતથી તેઓ વધારે બેરડાં થાયછે. વારંવાર ખોટી ધમકી આપવાની માબાપની રીત વખત જતાં બચ્ચાં પીછાણતાં શીખેછે, ને સમજે છે કે જેમ તેઓને ધમકાવવામાં આવેછે, તેમ કંઇ સજા કરવામાં આવતી નથી, જેથી તે તેમની સચ્ચાઇ ઉપર શક નાંખતાં શીખેછે, કે જે પરીણામ ખચ્ચીત ઘણુંજ ખેદકારક છે. વલી બીજું એ જે માબાપની એવી ખોટી ધમકીની તેઓપર કંઇપણ અસર નથી, ને તેઓને વધારે ચીબાવલાં થવાને ઉત્તેજન આપેછે. બાળકોને તેઓનાં કસુર માટે હમેશ સમજાવીને વારવા પણ તેમ કરવા છતાં જો તેઓ ન સમજે તો, એવી સજા કરવાની ધમકી આપવી, કે જે તમો પુરેપુરી અમલમાં લાવી શકો. બચ્ચાંઓને જોવા ને જાણવા દેજો, કે, તમે જે કહોછો તેજ કરોછો ને પાળોછો અને તમો નજીવી, દમ વગરની ખાલી ભપકી કરતાં નથી. જેથી તમારા બોલવા ને બજાવવા ઉપર તેમને ભરૂસો આવશે, ને તમારો માન મરતબો જાલવતાં શીખશે.

ખોહેલો વખત પાછો મેળવવો જોઈએ.

અગરજો એક માતાંએ પોતાના પ્રિય બાળકની તનની ખીલવણી ને મનની કેળવણી પાછલ ઢીલી દોરી મુકી હોય, ને તેમ કરતાં જો કીમતી વખત નકામો ખોહયો હોય તો, તેણીએ હવે બેવડી ચાલાકીથી મેહનત ને ખંત પોતાના બચ્ચાં પાછળ લઇ ખોહેલો વખત પાછો મેલવવો જોઇએ. તેમને તનદરૂસ્ત, ખીલેલાં બાંધાનાં, ને મજબુત મનના કેળવાયલાં વિવેકી બનાવવાં, એ માબાપની ખાસ ફરજ છે. જે ફરજ અદા કરવા પાછલ પોતાના તંન ને મનની મેહનત, ને ધન ખરચવાને કસર કરવી નહીં.

ખોટા લાડ.

આપણામાં કેટલેક ઠેકાણે એક પુરાં બચ્ચાંને ખોટા લાડથી બીગાડવામાં આવેછે. એક પુરૂં બચ્ચું છે, તેથી તેની કસુરો નરમાસ ને માયાથી બતાવી

સુધારવાને બદલે તેપર નાખતી કરવામાં આવેછે. જેના બદલામાં તે મોટું થતાં વધારે બેરકું ને મનમોજીલું થતાં શીખેછે. એક બચરવાળ મોટું કુટુંબ ધરાવવું એ સુભાગ્યની વાત છે. ઘણીવેળા એકપુરૂં બચ્ચું એકલપેટું થતાં શીખેછે. સાત બચ્ચાંને સલુકના ઉધારવા કરતાં એક પુરાં બચ્ચાંને ઉધારવાનું કામ વધુ મુશકેલ છે. મોટાં બચરવાળ ઘરમાં નાનાં બચ્ચાંઓને ઉછેરવામાં મોટાં બચ્ચાં કામે લાગેછે, એટલુંજ નહીં, પણ તેઓ એક બીજાં ઉપર બીજી ઘણી ફાયદાકારક રીતે અસર કરછે. એક સદગુણી માતાના હાથ હેથળના બચ્ચાંઓ ખાલી પતરાજી ને છાલકાપણાંને બદલે મર્યાદાને નમ્રતા શીખેછે. દરેક બાળકને હમેશાં ધ્યાનમાં રાખવું પડેછે, કે જેમ તેનો હક છે, તેમ તેના બીજાં ભાઈબેનોનો પણ છે; અને જેમ તે લાગણી ધરાવેછે, તેમ બીજાં બચ્ચાંઓ પણ ધરાવેછે. તેથી તેઓને બીજાંનાં હક અને લાગણી વિષે વિચાર કરવાની ટેવ પડેછે, અને સર્વે સાથે હળીમલી રહેતાં શીખેછે. એકપુરાં બાળકની માતાએ તેને જેમ બને તેમ તેની બરોબરીના બીજાં બાળકો સાથે રમવા, ફરવા, ને ભેળાવા દેવું. તેને કદીબી એકલપેટું કે આપમતલબી થવા દેવું નહીં. એક અજ્ઞાન માતાએ પોતાના એક બાળક બેટાને ઘણાએક ખોટા લાડમાં ઉછેર્યો હતો, કેમ જે તેણીના બીજાં બચ્ચાંઓ મરી ગયાથી, તેણી ઘણી અધીરી ને શીકરમંદ તે બેટા માટે રહેતી હતી. તે ભોળી માતાને માલમ ન હતું કે પ્યાર સાથે મક્કમ ઠરાવથી બચ્ચાંને કેવી રીતે કેળવવું. આથી તેણી તેના ઘણાએક નજીવા જણાતા કસુરો તરફ નાખતી કરતી. એટલુંજ નહીં, પણ જો તે બીજાંનાં બચ્ચાંને ગાળ દે કે મારે, ને જો કોઇ ફરીઆદ લાવે, તોબી પોતાનાંજ બેટાનો બચાવ ખોટી રીતે કરતી, અને તેને ઘટતી રીતે એક શબ્દબી શીખામણનો કહેતી નહી. આથી પરીણામ એ નીપજ્યું કે મોટો થયાપછી તે વીખરી ગયલો છોકરો પોતાનીજ પાળનહાર માતાને ગાળો દેવા ને બુરૂં બોલવાને શરમાયો નહીં. પ્રિય વાંચનારી બાનુઓ હવે તે માતાનું જીગર કેવું જળતું હશે તેનો વિચાર કરજો, ને વખતસરની ચેતવણી લઇ બાળકોને રૂડી ઘરની કેલવણી આપજો.

ખુશનુમાં દેખાવ.

બચ્ચાંઓનો સુવા જવા અગાઉનો રાતની બંદગી,—સાદી, ટુક, ને ગંભીર બંદગી,—કરતી વખતનો દેખાવ ઘણોજ ખુશનુમાં લાગેછે. જેઓએ પોતાના ઘરમાં એ રીત દાખલ નહી કીધી હોય, તેઓએ જરૂર વગર ઢીલે

દાખલ કરવી. પાક ખુદાતાલાની યાદ તેમના કોમળ જીગરમાં તાજી કરી, તે સર્વશક્તિમાનની મદદ ને માંગી ચાહતાં શીખવવું, એ આપણા તેમજ સર્વકોમનાં પવિત્ર ધર્મના ફરમાનને અનુસરતું કામ છે અને તે બજાવવાની આપણી ફરજ છે. તેમના નિર્દોષ મોઢેથી નીકળતા પવિત્ર બંદગીના વચનો આપણુને કંઈ ઓરજ મજાહ પમાડે છે.

ખુશી ભર્યા શબ્દો.

ખુશી ભર્યા શબ્દોથી હમેશ બાળકોને ખુશાલ રાખજો. તેમના નિર્દોષ કોમળ જીગરને તમારા કઠોર સખુનથી જખમી કરશો ના. હસમુખી માતાના બચ્ચાંબી હસમુખાં બને છે. બરીયલ ધુખરાયલાં છાના જેવા ચેહરા, હસતા હલરતા, ઉધરતા, કોમળ જીવોને, દેખાડશો નહીં, ને ચિરડાઉ સ્વભાવે કઠોર શબ્દો બોલશો નહીં તોજ તમુને તમારાં વહાલાંઓને, સુખી સંતોષી, તંનદરૂસ્ત ને મનદરૂસ્ત જોવાનો સંતોષ મલશે.

ગુસ્સાને બદલે નમ્રતા વધારે સત્તા ધરાવી શકે છે.

આ કહેવત એક માતાને તેના બચ્ચાં માટે કેટલી બધી ખરી છે? એક નરમાશવાલી, પણ મક્કમ મનવાલી માતા પોતાના બચ્ચાં અને ઘર ઉપર રાજ ચલાવવાને પુષ્કળ સત્તા ધરાવેછે, જ્યારે એક આકળી ને નબળાં મનની માતા પોતાના ઘર તથા બચ્ચાંપર ઝાઝી સત્તા ધરાવી શકતી નથી. પ્યાર જે છે તે ચઢીઆતો, ને ટકાઉ છે; ફીકર ને ધાસતી ટુંક વખતની, ને હલકી નબોજી છે. પ્યાર નિષ્પક્ષપાતપણું વધારે છે; ધાક ને ધમકી કપટને ઉત્તેજન આપેછે. પ્રિય માતાઓ, તમારાં ઘરમાં પ્યાર ને નરમાસનું પણ મક્કમ મન, ને મજબુત ઠરાવનું, તે સાથે ઈનસાફી ને કાયદાસરનું રાજ ચલાવી, તમારાં વહાલાં બાળકોને તથા ભરથારને તથા તમારી આસપાસના સર્વેને સુખી કરવાની તમારી ફરજ અદા કરજો, જેથી તમો પણ સુખી થશો.

ગાયણ.

દરએક બાળક, છોકરી કે છોકરો, બંનેને ગાયણ એ તન ને મન બંનેને ફાયદો કરેછે. તે ફેફસાંને પ્રફુલ્લિત કરેછે; અવાજને મધુર બનાવેછે અને સુસ્વરના મીઠા બોલો સાંભળવા કેવા ખુશ લાગેછે? ગાયણથી બરાબર સ્પષ્ટ ઉચ્ચારે બોલતાં શીખાય છે; તે પાચણ શક્તિને ફાયદો કરેછે; તે એક ખરી ખુદરતી મોજ છે. તે મનને સભ્ય ને ઉત્તમ બનાવેછે, ટુકમાં તે એક વખાણવા, ને ખીલવવા લાયક ચીજ છે.

ગુસ્સો.

ગુસ્સો જેમ બીજાં બધાંને તેમજ બચ્ચાંને નબળાં કરેછે. તેથી તેને જેમ બને તેમ જલદી તાબે કરવો. ગુસ્સાને આપણો ગુલામ બનાવવો, નહી કે ગુસ્સાના ગુલામ આપણે થવું. અગરજો એક બાળક બીજાં સાથ ગુસ્સાથી બોલતું હોય તો, માતાએ પોતે તે બાળકપર ગુસ્સો કરી તેને નરમ કરવાની ફોકટમાં કોશીશ કરવી નહી. તેમ કીધાથી તો દશ ઘણું તોફાન વધી જશે. ગુસ્સાને દાબી દેવા માટે નરમ, મીઠા, માયાળુ શબ્દોજ ઉપયોગી છે. જરમી ટેલર કહેછે કે "ગુસ્સો એક તુફાની દરીઆવનાં મોજા મીશાલ છે કે જે કીનારે અથડીને શાંત થાયછે, અને કંઇ જાથુકનું નુકશાન નહી કરતાં પોતા પાછળ ફક્ત ફીણ ને કોટલાં મુકી જાય છે; તેમજ તેને નરમ ને માયાલુ શબ્દોથી શાંત કરવો." ગુસ્સો દાબી દેવા માટે મીલનસાર ને મક્કમ વર્તણુંક અસરકારક છે. ગુસ્સાથી ઉશકેરાયલાં બાળકનું ધ્યાન કાંઇ બીજી બાબતપર ખેંચી તેને શાંત થવા દેજો, ને પછી માયાલુ શબ્દોથી તેને તેનો કસુર બતાવી આપજો. આવી માયાલુ પણ મજબુત ઠરાવની રીત અખ્તયાર કીધાથી, ભવિષમાં તે પોતાનો મીજાજ સુધારી ગુસ્સો દાબી દેતાં શીખશે. બનતાં સુધી એક માતાએ બચ્ચાંપર ગુસ્સે થવું નહી. તેના ચેડાં ને ચીબાવલાંપણાંને નરમાશથી સુધારવાં. તેમની નઠારી ને તોફાની ચાલથી તેણી કેટલી દુખી છે તે તેણીએ તેઓને બતાવવું, પણ તે ગુસ્સાથી નહી પણ દલગીરીથી બતાવવું. તેણીએ ખુબ હમેશાં યાદ રાખવું, કે ગુસ્સા જેવી, દુખી, ને નબળી કરનારી બીજી ચીજ થોડીજ હશે. તેમાં અકસર કરી જેમ આપણા વધુ નજદીકના સગાંઓ કે દોસ્તો, કે વહાલાં બચ્ચાંઓ પર ગુસ્સે થઇએ, તેમ તે આપણા અંતકરણને વધુ દુખી ને દલગીર કરેછે. માટે જેમ બને તેમ મા તેમજ બાપે મીઠા સ્વભાવના થવું જોઈએ, જેની રૂડી અસરથી બાળકોબી ખુશ મીજાજનાં નિવડશે.

ગેરઇનસાફ.

બાળકો કદીબી ગેરઇનસાફ સાંખી શકતાં નથી. હમેશાં તેઓ સાથે એક સરખી રીતે વાજબીપણે વર્તવાની કાળજી રાખવી, ને ભુલમાં પણ તેઓને ગેરઇનસાફ ન થાય તે સંભાલવું. અગર જો તેમ નહી કરશો તો તેઓ વધારે નઠારી ચાલના થશે. માટે બધાં બચ્ચાંને એક સરખી નજરે જોવાં ને એક સરખી રીતે તેઓની નાની નાની જરૂરીઆતો પુરી પાડવી.

ઘરનું સુખ.

બીજુંં બધું દોલત દુન્યાંનું સુખ ગમે એટલું એક પરણેલાં જવાન જોડાંને હોય, તોપણ જ્યાંસુધી તેઓ બચરવાળ થતાં નથી, ત્યાંસુધી તે સર્વે સુખ સંપુર્ણ ગણાતું નથી. સંસારી સુખ પરિપુર્ણ કરવા માટે બચ્ચાંની બક્ષેશ જરૂરની છે. જો કે બચ્ચાંઓના ઘરમાં ઘણીએક આતુરતા, કાળજી, સંભાલ, તકલીફ વગેરે હોયછે, અને તેમને ઉછેરતાં ઘણુંએક દુખ ખમવું પડેછે, તોપણ દુખ વગર સુખ હોતું નથી, અને દુખ પછીનું સુખ ખરેખરૂં મીઠું લાગેછે. હવે એ સુખ સંપુર્ણ કરવા માટે બચ્ચાંને લાયક કેળવણીથી બચપણથીજ ઉધારવાં જોઈએ. એ કેળવણી તે ઘરની છે, નહી કે સ્કુલની. એક બાળકને સમજતાં શીખવવું કે ઘર તે તમામ જગતની અંદર તેને માટે ખરેખરજ વહાલું રહેઠાણ સુખી ને સુખીયારી જગા, છે. તમારાં બચ્ચાંનાં મનની ખાતરી કરજો, કે ઘર, જે વ્હાલું પ્યારૂં મકાન જેમાં તે રહેછે, તે પ્યાર, હેત, ને સુખ સગવડના સુવાસથી તેને માટે ભરેલુંછે.

ઘાતકી સખુનો.

બચ્ચાંઓ તરફ કદી ઘાતકી સખુનો વાપરશો ના. જેમ માસમાં કાંટા ભોકાય તેમ ઘાતકી સખુનો મગજમાં ખુટયા કરેછે. તેને માયાળુપણાંથી તાબેદાર થતાં શીખવવું. એક માતાએ મજબુત ઠરાવની તોપણ માયાળું ને નમ્ર થવું જોઇએ.

ઘેલાં તથા ચક્રમોએ પરણવું નહી.

અગર જો એક માતા ઘેલાં કે ચક્રમ બેટી યા બેટો ધરાવતી હોય તો તેણીએ કદીબી તેઓને પરણવાં દેવાં નહી. એ ખુબ યાદ રાખજો કે તેવાં ઘેલાં કે ચક્રમોના બચ્ચાં પણ તેવાંજ નિવડશે, ને કોમની દલિદ્રતા વધારશે; કે જે એક મોટી મુર્ખાઇનું ને પાપી કામ છે.

ચાડી ચુગલી.

બચ્ચાંઓને કદીબી ચાડીચુગલી કરવાને ઉત્તેજન આપવું નહી. એમાં કંઇ એવું તો નિચ ને હલકાપણું સમાયલું છે, કે, જે ઘણું ધિક્કારવા જોગછે. એવું બચ્ચું જેનાબી સંબંધમાં આવેછે, તેમને અળખામણું ને અણગમતું થઇ પડેછે. એવું બચ્ચું ચાપલુસીખોર ને નજરચોર નિવડેછે. તે ખરી કે ખોટી દરેક વાત ધ્યાન દઈ સાંભલે છે, ને પછી પોતાની માતાને કે બીજાંને વહાલાં થવા માટે, બીજાંઓને નુકસાન પુગાડે તેવી વાતો સહરાવીને કરેછે.

ચિડવવું.

કેટલાંક મુર્ખ લોકો નાનાં બચ્ચાંને ચિડવવામાં મજાહ લીએછે, પણ એમ કરવું એ ઘણુંજ અક્કલથી ઉલટું છે. ચિડવવાથી બાળકમાં ગુસ્સો ઉત્તપન થાયછે, અને ગુસ્સાથી બચ્ચાંમાં નબળાઇને નાહીમત પેદા થાયછે. કદીબી મોટાં બચ્ચાંને નાના બાળકને ચિડવવા દેશો ના. અગરજો નાના બાળકોને ચિડવવાની તેમની ટેવ તોડશો નહી તો મોટપણમાં તેઓ નબળાં ને બચાવ વગરનાંઓને ઘણું નુકશાન કરનારાં નિવડશે, જ્યારે પોતા કરતાં જોરાવર ને હિંમતવાનથી હીચકારાં માફક બીહશે.

ચિરડાઉ સ્વભાવ.

દરેક વાતે બચ્ચાંઓને ચિરડાઉ થતાં અટકાવવાં જોઇએ, પણ તે સખતાઇથી નહી પણ નમ્રપણેથી અટકાવવાં. આપણો પોતાનો સ્વભાવ નમ્ર પણ મજબુત ને ખુશ રાખવો. ચિરડાઉ બચ્ચાંને સુધારવાને સરસ ઇલાજ ખુલ્લી હવા, પુરતી કસરત, ને રમત ગમત છે. ચિરડાઉ બચ્ચું હમેશાં નબળું ને બરિએલ હોય છે, જ્યારે ખુશ મીજાજનું બાળક ઘણુંખરૂં તનદરૂસ્ત ને મજબુત હોયછે. અગર જો એક બાળક તનદરૂસ્ત હોય ને તેને જો સારી તરબીએતથી ઉધાર્યું હોય તો તે કદીબી ચિરડાઉ નહી થવું જોઈએ. તે તો ગોયા ઘરમાં વાજતો ગાજતો ખુશ હલકનો ગુંગરો છે, કે જેનેથી તમામ ઘર ગોયા હસતું હલરતું ને આનંદી દીસે છે. ચિરડાઉ સ્વભાવના મુખ્ય ઇલાજ નીચે મુજબ છે. તાજી સ્વચ્છ હવા, કસરત, પ્યાર, નરમાસ, મજબુતી, અને સબુરી, એવા ઉપાયોથી તમે ચિરડાઉ બાળકને સુધારવાને શકિતવાન થશો.

બીકણ નહી પણ નમ્ર.

બાળકોને બીહીકણ નહી પણ નમ્ર ઉધારવાં. તમારા બેટાઓને ઘેટાં જેવાં ગરીબ ને નમ્ર, પણ સિંહ જેવા બહાદુર ને જોરાવર બનાવજો; ઘાતકીને સખત નહી પણ માયાલુ ને નમ્ર. બનાવવાની કોશેશ કરજો. ને બચપણથીજ તેનામાં ગ્રહસ્થપણાનાં ગુણ દાખલ કરજો.

ચોપડીઓ.

નાનાં બચ્ચાંઓને ચોપડીઓ વાંચતાં શીખવવી તે ગોયા ચાળણીમાં પાણી નાખ્યા બરાબર છે, પણ દરેક ચીજનુ અવલોકન કરી શીખવવું એ જુદીજ વાત છે. બચ્ચાંઓને બારીકીથી તપાશીને જોતાં ને સમજતાં

શીખવવું ઘણું સારૂં છે. જેબી કાંઇ ચીજ તેના દીઠામાં આવે તે વિશેનું સાધારણ જ્ઞાન, તેની માતાએ તેને કહી સમજાવવું. એવી રીતે સમજાવેલું, ચોપડીથી શીખવેલાં કરતાં તેને વધુ યાદ રહેશે. કુમળાં મગજોને તેમનો વખત આવવા આગમજ ચોપડીઓ ભરડાવી બીગાડી નાખવાં નહીં. ન્યુતન એગ્રીકલચરલ સોસાયટીમાં ભાષણ આપતાં મી૦ કેનેવે એમ. પી. એ વાજબી કહ્યું હતું કે એક છોકરામાં એવો અવગુણ હતો કે તે સ્કુલનુ શીખેલું મોટપણમાં કશુ યાદ રાખી શક્યો નહી, અને પોતાની પેહલાં દશ વર્ષની જીંદગીમાં જેબી શીખયો હતો, તે વારંવાર તેને યાદ આવતું ન હતું. માટે નાંનાં બાળકોને ચોપડીથી શીખવવાની ઉતાવળ કરવી નહીં.

છુટાપણું ને છકેલપણું.

રમત ગમતને વખતે ને ઠેકાણે એક બચ્ચાંને તેનું છુટાપણું ભોગવવાનો હક છે. ત્યાં તેને સારીપેઠે રમવા, ફરવા, દોડવા ધામવા દેવું, પણ દીવાનખાનામાં કે જમવાના ઓરડામાં તેને કશુંબી તોફાન મચાવવા દેવું નહી તેમજ ચીજો ઉથલપાઠલ કરવા દેવી નહીં. ઘરમાં વિવેક કેમ જાલવવો તે તેને શીખવવું જોઈએ. તેને સમજાવવું કે રમત ગમતને વખતે ને ઠેકાણે તેને ગમે તેમ મજાહ, પણ નિર્દોષ મજાહ ભોગવવી, પણ દિવાનખાનામાં વિવેક ને કાયદો જાળવવો. આખો વખત ને બધી જગાએ જેમ ગમે તેમ ચાલવામાં છુટાપણુ નહી પણ છકેલપણું છે, ને એવાં છકેલ બચ્ચાંઓ ઘણાં હાડમાર થાયછે.

છેતરવું.

તમારાં બાળકને કદીબી છેતરશોના. જો તમે એક વખત તેને છેતરશો તો ફરીથી તે કદી તમોપર વિશ્વાશ રાખશે નહીં. કેટલાંક માબાપો પોતાના બાળકોને ગમે એવી કબુલાતો આપેછે, કે જે કબુલાતો પાર પાડવાની તેઓની જરાબી ધારણા હોતી નથી, એ ઘણુંજ ખેદકારક છે. પ્રિય માતાઓ, તમારાં બાળકને કોઇબી ચીજનું વચન આપતી વખતે ખુબ સાવચેત રહેજો, ને જો કઇબી વચન તમે તેઓને આપ્યું, કે તમારે મોઢેથી કઇબી સખુન કહ્યા તો તે પુરેપુરો પાળજો, કેમજે બચ્ચાંઓ યાદ રાખવામાં ને સમજવામાં ઘણાં ચપળ હોયછે. માટે તમારી સચ્ચાઈનો છાપ તેમના કોમળ જીગરપર પડવા દેજો. ખરેખર એક સાચ્ચી માતા તેના બચ્ચાંને માટે ઉત્તમ આશિર્વાદ છે.

જુવાની.

જુવાની વિષે શેકસપીયર ઘણું સુંદર વર્ણન આપેછે. એક જવાન તે ગોયા એક મરદ ને એક છોકરાની વચ્ચે છે, તે એક જાતની બદલાતી હાલતમાં છે, તે નથી ઉમરે પુગેલો મરદ, કે નથી હસતો રમતો નિશાળીઓ ; પણ એ બેની વચ્ચેની તેની ખુશનુમાં હાલતછે. તે વખતે કેટલાક જુવાનોની ઉમેદ ને ઇચ્છા, અસરાફ ને અમીરી હોયછે અને તેને દરેક રીતે ઉત્તેજન આપવું લાયક છે. બીજા હાથ પર વળી કેટલાક કમનસીબ જુવાનોનાં મગજ બીગડેલાં, ને નીચ ને હલકી ટેવોને વશ થયલાં હોયછે. એક અક્કલમંદ ને સ્યાણી માતાની સારી સત્તા તેવા જુવાનોને બદીને રસ્તે જતા અટકાવશે. અહીં જેમ મા તેમજ બાપે એકેકના મદદગાર થઇ સાથે મળી કામ લેવું જોઇએ. હવે એ વિચારવું ઘણું દુખદાયક તોપણ ખરૂં છે, કે, કેટલાક બાપો પોતાના જુવાન બેટાઓ તરફની જોખમદારી ભરી ફરજ બજા લાવવામાં ભુલભરી ગફલતી કરેછે. દરેક બાપે પોતાના બેટાનો વિશવાશ મેળવવો જોઇએ. ડહાપણભરી રૂડી સલાહ, ને નેક મસલત, એક બાપ તરફથી બેટાને મળવી જોઇએ, કે જેથી તે બેટા અમીરી ને ઉંચા ખવાશનો નીવડી પોતાને તેમજ પોતાના કુટુંબને શોભા લગાડે. તેટલા માટે ત્યારે આ બાબદમાં તેમજ પોતાના બેટા બેટીઓની કેળવણીની દરેક બાબદમાં મા તથા બાપે સાથે મળી એકમત થઇ કામ લેવું. ખુદાતાલાએ પોતાની કૃપાથી જે કીમતી ખજાનો તમુને આપ્યો છે તેના ભવિષના સુખ માટે, ઓ માબાપો! તમારી તકેદારી, કાળજી, મેહનત ને ખંતનો વર્ષાદ વરશાવી તેઓની આ તેમજ પેલી જીંદગી સુખી થાય તેમ કરજો. જુવાન જીંદગી ચલકતી ને મોહ પમાડનારી છે. તે ગોયા વાદલાં વિનાનાં ખુલ્લા આકાશ મીશાલ છે. તે ગોયા કાંટા વગરનો ગુલાબ, ને કડવાસ વગરનો મીઠાસ છે. એવો મધુર ને મીઠો તોપણ બારીક ને જોખમદાર તે જુવાનીનો વખત છે, કે જેને માબાપની રૂડી મસલત ને નિતીભરી કેળવણીના ભોમયાંપણાની ખાસ જરૂર છે.

જૂઠું.

જૂઠું બોલવું એ શું મોટાં કે નાનાં, તવંગર કે ગરીબ, દરેકને માટે શરમભર્યુંછે; તેમાં મુખ્ય કરી નાનાં બાળકોનાં મોહમાં જૂઠું, એ ઘણુંજ તીરસ્કાર ભર્યુંછે. જૂઠાઇ એ સેતાનીયત છે, ને તેને ધીક્કારતાં ને

તજતાં દરેક માતાએ પોતાના પ્રિય બાળકને શીખવવું. માયાળુપણેથી સારી તરબીઅત આપેલાં બચ્ચાંઓ બીક વગરનાં, ને હિમતથી સાચું બોલનારાં થાયછે, પણ ખોટા લાડ કે ખોટી ધાક ધમકીથી ઉધારેલાં બચ્ચાં હિચકારા, જુઠાં ને ચાપલુસીખોર નિવડે છે.

ઠરેલપણું.

ઠરેલ અને મક્કમપણાનો મજબુત ગુણ તમારાં બાળકોનાં મનમાં બચપણથીજ ઠસાવજો. મજબુત ને ઠરેલ મન ઘણુંજ કીમતી ને ઉપયોગી છે. કોઇબી માણસ એ ગુણ વગર ઉંચી પંક્તિએ પોંહોચતો નથી. ડામાડોલ ધચુપચુ મનનું માંણસ પોતાને તેમજ બીજાં આસપાસનાંઓને ઘણું નુકશાન કરે છે, માટે ઠરેલપણાનાં ઉત્તમ ગુણના બીજ બચપણથીજ તમારા બાળકોનાં મગજમાં રોપજો.

ડહાપણ.

પોતાના પ્રિય બાળકોને આયા કે ચાકરોને સોંપી તેપર નભરવસ ન રહેતાં પોતે તેમની ઉપર કાળજી ભરી દેખરેખ રાખવી એમાં માતાનું ડહાપણ છે તેમજ તેના મનની કેળવણી, એટલે કે ચોપડીઓ વાચતાં શીખવવા પેહલાં તનની ખીલવણી ઉપર ધ્યાન આપવું ડહાપણ ભર્યું છે. સાત વર્ષની અંદરના બાળકોને નિશાળના ગીચ ઓરડાઓ, કે ગંધાતી ખરકીઓ, જેમાં કોઇ કોઇ મેહતાજીઓની નિશાળ હોય છે, તેમાં ગોંધવા કરતાં, તેમને છુટાં રમવા ફરવા ને નિરદોષ મજાહ ભોગવવા દેવામાંજ માતાનું ડહાપણ છે.

ધાંધળ.

એક બચ્ચું કે જે ખોટી ધાંધળ ધરપચ કરનારૂં હોયછે. તે શું મોટાં કે નાનાં દરેકના ધિક્કારમાં આવી પડેછે. એવાં બચ્ચાં હીચકારાં બની પોતાનું વેર નબળાં પર લેતાં શીખેછે. એક બચ્ચું જે લુચ્ચું ને ધાંધળીયું હોયછે, તેમાં ને બીજુ જે ખરૂં હીમતવાન હોયછે તેમાં આસમાન ને જમીનનો ફેર છે. માટે જો બચ્ચાંઓમાં એવો લુચ્ચાઇનો ને ધાંધળીઓ ગુણ માલમ પડે તો તેને ટુકેથીજ તોકવો, ને જડમુળથી ઉખેડી નાખવો. એક ડહાપણભરી સ્યાણી માતા પોતાના બાળકોની ખરાબ ટેવો તોડવાને કાળજી રાખશે તો જરૂર ફતેહ પામશે.

તનદરૂસ્તી એજ ખુબસુરતી છે.

એક બાળક જો તનદરૂસ્ત હોય તો ગમે એવા સાદા દેખાવનું છતાં સોહામણું લાગેછે. માટે જો તમુને સોહામણા બચ્ચાંની ખાહેસ હોય તો તેમની તનદરૂસ્તીની જાળવણી ને ખીલવણી રાખજો, કે જેથી તેઓ કદરૂપાં દેખાશે નહીં. ખુબસુરતી જેમ તનની તેમજ મનની, ને નિતીની હોયછે; કે જેનો છાપ ચેહરાપર ખુલ્લો પ્રગટી નીકલે છે. હવે જેમ શરીરનો સુધારો, તેમજ મનનો ને નિતીનો સુધારો એ સારી સંભાળ સારો કારોબાર, ને કેળવણીથી થઇ શકેછે; પણ કમનસીબે એ દરેક ખરા સુધારાપર જેવું જોઇએ તેવુ ધ્યાન અપાતું નથી, અને તે સંપુર્ણ સંગીન સુધારો, ને કેળવણીની તંગીને લીધેછે. જેમ એક માતાનું મગજ કેળવાયલું ને સુધરેલું સંગીન નિતીમાન હશે, તેમ તે તેનાં બાળકને સારાં ઉછેરવામાં ઉપયોગી થશે.

તનદરૂસ્તી એ દોલત છે.

આ દુન્યામાં નિરોગી તન ને પવિત્ર મન ધરાવવાની ઉમેદ રાખવી, એ બીજી બધી દુન્યાઈ લાલચો કરતાં, ઉમદા ઉમેદ છે. એવો વિચાર દરેક સદગુણી માતાએ, નાનપણથીજ બાળકોના નિર્દોષ મનમાં ઠસાવવો જોઇએ.

એક મોટો અમેરીકન ફીલસુફ કહે છે કે તનદરૂસ્તી એ પેહેલી દોલત છે.

તનદરૂસ્ત ને સુખી.

એક બચ્ચું જે તનદરૂસ્ત ને નિરોગી હશે, તેજ તદન સુખી હશે. રોગિષ્ઠ બચ્ચું કદી આનંદી ને ખુશ રહેતું નથી. જુઓ, એક નબલાં દુખી બાળક તરફ; તે કેવું કંગાળ, રીસાલ, ને એબીયલ દેખાવનું છે? બાળકોને સારા સ્વભાવનાં, સારા દેખાવનાં ને સુખી બનાવવા માટે તનદરૂસ્તી એ મુખ્ય જરૂરનું સાધન છે. અને એ બધું માબાપની ચાલાકી, ને કાળજી પર આધાર રાખેછે. તનદરૂસ્ત બાળકનું મનબી મજબુત થશે, ને કેળવણી કે જેની દરેક બાળકને જરૂર છે, તે લેવાને તૈયાર થશે. જાન બ્રાઉન એમ. ડી. કહે છે કે જો તમો તમારા બાળકોનાં તનને મજબુત કરવાને તમારેથી જેમ બની શકે કેમ પુરતી કાળજી નહિ લેશો તો, તેઓ મનનાં નબલાં ને નકામા ને મીજાજી નિવડશે. ઘણાંએક ઓરતો ને મરદોએ તને અને મને કંગાળ બની બીજા આસપાસનાંઓને પણ દુખી બનાવેલાં છે. તેનું કારણ બચપણમાં તેમના શરીરની સંભાળ બરાબર નહી લેવાયાને લીધેછે.

ત્રણ સરસ ચીજો.

ઘણીખરી શરીર–સુખાકારીને લગતી બાબદમાં આ ત્રણ ચીજ-ખોરાક, આરામ, ને આનંદી ખુશ મન, મોટી અગત્યતા ધરાવેછે; અથવા બીજા બોલોમાં બોલ્યે તો સૌથી સરસ શારીરીક સુખશાંતીના દાકતરો, દાકતર ખોરાક, દાકતર શાંતી, ને દાકતર ખુશમીજાજ છે.

તનની જતન.

બાળકોને બચપણથીજ તનની જતન લેતાં શીખવવું સારૂં છે. તનની જતનમાં દાંતની જતન ઘણી જરૂરની છે. સારા દાંત ને સારી તનદરૂસ્તી એ બંને ગોયા એકેકના મીત્ર છે. મતલબ એ કે જો દાંત સારા હશે તો પાચન શકિતબી સારીજ થશે, ને સારી મજબુત પાચન શકિતથી તન નિરોગી ને બળવાન થશે. સારા દાંતો ગોયા એક દોલત છે. તે એક ખુબસુરતી છે કે જે ગમે એવા સાદા ચેહરાને પણ શોભાવેછે. ખરાબ દાંતો ગમે એવા ખુબસુરત ચેહરાને પણ એબ લગાડેછે. માટે બચ્ચાંઓને બચપણથીજ સારી રીતે દાંત સાફ રાખવાની આદત પાડવી.

તરવાનો હુન્નર.

તરવું એ એક ઉત્તમ કસરતછે, અને તે આખાં શરીરને મજબુત બનાવેછે વળી તે એક મોજ છે, તેમજ અતી ઉપ્યોગી જીવ બંચાવનારો હુન્નર છે. તે માણસને ચાલાક, હીમતવાન, સ્વાધારી ને હુશીઆર બનાવેછે, અને તેથી તે ઘણો પસંદ કરવા જોગ છે.

ત્રણ જરૂરના તત્વો.

તાબેદારી, આંકોશ, ને સારો બંદોબસ્ત એ તણ ચીજો બચ્ચાંને સારી રીતે ઉધારવાને માટે જરૂરની છે. આ તણમાંની એકબી ચીજ વગર તેઓને પાછલી જીંદગીમાં પસ્તાવું પડશે. બચપણથીજ તેઓને, તમારા સારા બંદોબસ્ત ને કાયદાથી ઉધારી તેઓ પર ઘટતો ને માયા ભર્યો આંકોશ રાખી, તાબેદાર થતાં શીખવજો. દરેક બાબદમાં તેઓને કાયદાસર ચાલતાં શીખવજો.

તનદરૂસ્તીની નીશાની.

થંડા હાથ, સાફ ખુલ્લી આંખો, સ્વચ્છ જીભ, ખુલ્લો રતાશ મારતો ચેહરો, મીઠો શ્વાસ, નરમ હોઠ, ને સીધી ટટાર ચાલ, એ બધું એક બાળકની

આરોગ્યતા બતાવેછે. એવાં બચ્ચાં મનશક્તિમાં બી મજબુત થાયછે, કે જેનું તેઓને ભવિષની જીંદગીમાં ઘણું કામ છે. વળી તનદરૂસ્ત બચ્ચાંની ઉંઘ શાંત, ને સ્વપના વગરની હોયછે.

તમાકુના અવગુણ.

કોઇ કહેશે કે અતરે તમાકુ વિષે લખવાની શું જરૂરછે? પણ હાલ એ બદી આપણામાં નવી દાખલ થવા માંડી છે, તેટલાં જો તેને ટુંકેથીજ દાબવામાં આવે તો સારૂ. તમાકુ વિષે ખુદ આ પુસ્તકનો અસલ રચનાર વિદ્વાન પાઇ ચેવેસીસ પોતાના લોકોને કહેછે કે આ ધીક્કારનેપાત્ર નાપસંદ રેવાજને હું તદન ધીક્કારૂંછું. છોકરાઓ જવાનીની શરૂઆતથીજ તમાકું પીવા માડે છે, ને તેમાં પૂરૂષાતન સમજે છે, પણ એ વિચાર ઘણોજ બેવકુફી ભરેલોછે. તમાકુ પીવો એ આ જવાનીના ખાસ વખતે ઘણોજ નુકસાન કર્તા છે, અને એ બુરી ટેવના ઘણાક જવાનો ખઇ વગેરે રોગના ભોગ થયલાછે, માટે માતાઓએ એ બદીને જડમુળથી ઉખેડી નાખવાની કોશેશ કરવી જોઇએ. શું પોતાના કે પારકાં દરેક જે આ બદીના ભોગ થયા હોય, તેને સમજાવી વારવાં જોઇએ.

તાબેદારી.

તાબેદારીનો કાનુન બચપણુથીજ બાળકોના મગજમાં ઠસાવવો જોઇએ કે જેથી મોટપણમાં પણ તેવીજ ટેવ રેહશે. બચ્ચાંઓને પોતાના માબાપ તરફ, આ દુન્યામાં ખુદાના પ્રતિનિધી તરીકે જોતાં શીખવવું જોઇએ, કે જેમ તેઓ ખરેખરજ છે. એક વખત બચ્ચાંની નાફરમાની તરફ જો અખાડા કીધા, ને તેને ના ફરમાન થવા દીધું તો પછી માબાપની સત્તાનો અંત આવેલો જાણવો. આપણામાં ઘણા નાફરમાન બચ્ચાંઓ જોવામાં આવેછે. કે જેથી માબાપને ઘણો બળાપો થાયછે. બેટા બેટીઓ, કે જેમને માટે માબાપની જીંદગીની ધુળધાણી થાયછે, તેઓ માબાપને માથેના થઇ ગોયા તેમને પોતાના હુકમમાં રાખવા માગેછે. પણ તેમ થવું નહી જોઇએ. તેમ થતું અટકાવવું માબાપના પોતાના હાથમાં છે. આપણું સંસારી ઘર તે ગોયા આપણું રાજ છે. અને તેમાં રાજકર્તા તે માબાપ છે, કે જ્યારે બચ્ચાંઓ તે રૈયત છે, ને તાબે રેહવાની તેમની ફરજ છે. માબાપને તાબે રહેવામાં બચ્ચાંનો પોતાનોજ લાભ છે; તાબે રહેવું તેમને પોતાનેજ અગત્યનું છે; તેમનેજ કામનું છે. નાફરમાન બચ્ચાંઓપર મોટપણમાં જરૂર કંઈ ને કંઇ દુખ વિતવાનુજ; માટે માબાપની ફરજ

છે કે નાનપણમાંથીજ તેઓને વાજબી, કાયદાસરની કેળવણી આપી ઘટતા આંકોશમાં ઉધારી તાબેદાર બનાવવાં કે જેથી ભવિષમાં જેમ બચ્ચાને તેમજ માબાપને ફાયદો થાય.

તારીફ.

અગર જો એક બાળકની તેને લાયકની ઘટતી તારીફ કરવામાં આવે તો તે તેને માટે ઘણી સારી છે. તે તેને નાનાં નાનાં સારાં કામો કરવાને વધુ ઉશકેરેછે; મુખ્ય કરી એક માતાને મોહડેના મધુર વખાણ કે જેને તે લાયક થયું હોયતો, તે બચ્ચાને ઘણો ફાયદો કરેછે, તેમજ તેને ઘણું ખુશી ને સુખી બનાવેછે. માટે જ્યારેબી એક બાળકે ગમે એવું નાનું, પણ ભલું ઉપ્યોગી કામ કીધું હોય, ત્યારે તેની માતાએ તેની વાજબી તારીફ ડહાપણભરી રીતે કરવી; કે જેથી તે તેને કંઇબી રીતે ઉપ્યોગી ને ભલું થવાને ઉત્તેજન આપશે. કોઈ કહેશે કે વખાણથી બચ્ચાંઓ છકી જાયછે; હું તેમ ધારતી નથી. જો વખાણને લાયક તે બચ્ચું થયું હોયતો, અને ડહાપણથી ઘટતાં, વાજબી ને સાચ્ચાં વખાણ કીધાં હોય તો તેથી બચ્ચાં બિગડતાં નથી, પણ વધારે લાયક ને ઉપ્યોગી થવાને શીખેછે. વળી તેવાં વાજબી વખાણનો બીજો ફાયદો એ છે જે તે બચ્ચાંને ઘણુંજ ખુશીને સુખી બનાવેછે, અને કોઇનેબી સુખી કરવું એ સારૂં કામ છે.

થોડું સુખ ને થોડું દુખ.

આપણી જીંદગી નાનાં નાનાં બનાવોથી ભરપુર છે, થોડાં સુખ અને દુખની તે બનેલીછે. થોડાં મયાળુપણાના કામો ને થોડા પ્યારભર્યા શબ્દોની તે બનેલીછે. લૉંગફેલો શું સુંદર સુવચનોમાં કહે છે તે સાભળો. તે કહે છે કે "આ દુન્યામાં માણસ માત્રની જીંદગી, ઘણે હીસ્સે થોડી મેહનત ને થોડી મજાહથી ભરેલી છે. જ્યારે એમજ છે, ત્યારે માતાની ફરજ છે કે નાનાં કામો કે નજીવા બનાવોને ધિક્કારવા નહિ, ને દરેક ચીજને માટે આયા કે ચાકર નફરોને ભરૂસે નભરવસ રહેવું નહી. પોતાના બચ્ચાનાં સુખ ને સગવડને લગતી દરેક બાબદ, પછી તે ગમે એવી નજીવી કાં નહી હોય, તે દરેક બાબદપર પોતે જાતે બરાબર દેખરેખ ને તપાસ રાખવી. એક માતાએ યાદ રાખવું કે, નાનાં માયાળુપણાનાં કૃત્ય, અને થોડાક પ્યાર ભર્યા શબ્દો, આ દુન્યાને બેહેસ્તના બાગ જેવી બનાવેછે.

દુખ દલગીરીની સરખામણી સુખ સગવડો સાથે કરો.

આપણે ઘણી વાર પોતાને દુખી ને દલગીર સમજીએ છીએ, પણ જો તેની સરખામણી આપણા સુખ સગવડો સાથ ધીરજથી કરશું, તો ઘણું ખરૂં સુખનું પલ્લુંજ ભારી થશે. ઘણાએક નાસબર લોકોને સુખની કીમત ને કદર હોતી નથી; ગમે એવાં સુખ છતાં તેમાં તેઓ પોતાના અવિચારીપણાથી દુખી થાયછે, ને બીજાઓને પણ દુખી કરેછે. પણ જ્યારે દુખ ને દલગીરી ખરેખરાં તેમને સામાં આવી મલેછે, ત્યારેજ તે આગલાં સુખની કદર ને બુજ તેમનામાં આવેછે, ત્યારેજ તેઓ પસ્તાયછે. પણ તે શું કામનું? માટે માતાઓએ, અકસર કરી તાલેવંત માતાઓએ પોતાના બાળકોની સનમુખ ગરીબોનો હેવાલ ધરી, પોતે કેટલાં વધારે સુખી છે તે સમજાવી, ગરીબોની દાજ હૈડે ધરતાં, ને તે પાક કિરતારની સ્તુતી કરતાં, તેમને શીખવવાં. શું ગરીબ કે તવંગર સર્વેએ પોતાની સર્જેલી હાલત પર સંતોષી રહેવું, એ કાનુન બાળકોનાં મગજમાં વારંવાર તક મળવે ઠસાવવો.

દોલત.

"બચ્ચાં તે ગોયા આપણી દોલત છે, ને બધી દુન્યાઈ દોલત કરતાં બી એક બચ્ચું ઘણું કીમતી ગણાયછે. આહા, માબાપને, પોતાના સુખી બાળકોને રમત ગમતમાં રમતાં જોવાનો દેખાવ કેવો મધુર, કેવો મીઠો, ને ઠંડક આપનારો દેખાયછે? એ દેખાવ કરતાં વધુ સરસ, એકબી ચીજ માતાને મનથી નથી. માટે ઓ પ્રીય માતાઓ, એ તમારી દોલત ને ધન જેને તમે આટલાં બધાં ચહાવો છો, તેમને મુળ શરૂઆતથીજ એવી રૂડી ને લાયક કેળવણી આપો, કે જેથી તેઓની ભવિષની જીંદગી, શું આ કે પેલી બંધે દુન્યામાં સુખી થાય.

ધમકાવવું.

વારે ઘડીએ બાળકોને ધમકાવશો ના. જો તેઓએ કંઈ ખોટું કર્યું હોય તો નરમાસથી તેમને સમજાવી વારજો. એક બાળકને સમજાવવાની રીત આ છે. જ્યારે તેનાથી કંઇ કામ બિગડ્યું હોય, ત્યારે તેને તમારી પાસે બોલાવી, તમારા ખોળામાં લઈ, તેનું માથું પંસવારતાં તેને કેહેજો જે, જ્યારે તું નઠારૂં ને તોફાની થાયછે, ત્યારે હમને ઘણીજ દીલગીરી ઉપજે છે ને હમારૂં દીલ કેવું દુખાય છે તે તું જાણતું નથી. આવી રીતે તમે એવું તો ગંભીરાઇથી ને અસરકારક રીતે બોલજો, કે જેની અસર વેહલી નહી તો મોડેથી પણ થશેજ, ને તે ઘણી રૂડી થશે. યાદ રાખજો

કે બચ્ચાંને કેળવણી આપવામાં આપણે ઘણી ધીરજ રાખવી જોઇએ. તેઓને હરકાતી કાઢવાં નહી, પણ ધીરજથી ફરે માર્ગે દોરવવાં. ગુસ્સા ભર્યા શબ્દો તેઓ તરફ વારંવાર ઓચરવાથી પરહેજ રહેવું કેમજે તેથી ફાયદાને બદલે ઉલટું નુકસાન થાયછે. તેથી એક માતાએ બચ્ચાને કેળવવામાં પ્યાર અને માયાને પોતાના હથીઆર પેહલાં બનાવવાં, ને ધમકી તથા માર તો છેક છેલ્લા ઉપાય દાખલ કામમાં લેવાં.

ઘોલાઇ ગયલું દુધ.

ઘોલાઇ ગયલાં દુધ માટે બળાપો કરવો બેજા ને નકામો છે. તેમજ જો એક માતાના કસુરથી તેના બાળકના હકમાં કોઇબી રીતે નુકસાન થયું હોય તો, તેણીએ તુરત તેનો વાજબી ઉપાય કરવાની કોશીશ કરવી. તેણીએ તે માટે બળાપો કર્યા કરવો નહી, કેમજે બળાપો કીધાથી કંઈ કામ સુધરતું નથી, પણ ઉલટું બીગડેછે, ને ઉપ્યોગીપણાની આડે આવેછે. એવી માતાએ ભવિષમાં ફરીથી તેમ નહિ બને, તે માટે ખુબ સાવચેત રહેવું.

પ્યાર.

પ્યાર ને ફક્ત પ્યારનીજ વાતાવરણમાં બચ્ચાને રહેવા દેવું. તેની ઉપર પ્યારનુંજ રાજ ચલાવો, જો તે કંઈ ખોટું કરે તો પ્યારથીજ તેને સીધે રસ્તે દોરવો. તેને દરેક ચીજની કેળવણી પ્યારથીજ આપો, પ્યારથી તેની જીંદગી હસ્તીને હલરતી રહેશે, ને જે કંઈ શીખવશો તે ખુશીથી શીખશે. પ્યાર વગર જીંદગી કંગાળ નિષ્ફળતા છે; પણ બીજા બધા દુન્યાઇ પ્યાર કરતાં, એક માતાનો પ્યાર જાથુકનો, શ્રેષ્ટ, ખાલેશ, ને પવિત્ર છે. ખુદા પનાહ રાખજો, તે બિચારા બાળકની, કે જે માતાના પ્યારથી બેનસીબ છે. કોલેરીજ કહે છે કે માતા તે એક માતાજ છે કે જે જીવતી તે સહુથી પવિત્ર ચીજ છે. માતાનો અથંગ પ્યાર બિન સ્વાર્થી છે. તેને પોતાની કશી દરકાર નથી.

પનોતા પુત પાળણાંમાંથીજ માલમ પડે.

એ કહેવત આપણામાં જાણીતીછે. ઇંગ્રેજીમાં કેહવત છે કે ઝરો કેઈ તરફ વેહે છે, તે તણુખલું બતાવી આપેછે. તેમજ એક બચ્ચાંની રમત કે નજીવાં ચેડાંપરથી માલમ પડી આવશે કે આગલ જતાં તે કેવું નિવડશે. તે આપમતલબી થશે કે બિનસ્વાર્થી, તે ભલા ખવાસનુ થશે કે પાજી

સ્વભાવનું, તે મોટાં મનનું થશે કે સાંકડાં મનનું, તે અદેખું ને વેરસી થશે કે ભોળું ને મારી બખબનાર, તે સર્વે ચીન્હો તેનાં બચપણમાંથીજ થોડાં કે ઘણાં જણાઈ આવેછે.

પ્રમાણીકપણું.

દરેક માતાએ પોતાના બાળકોને ભાઇબેન તરફ પ્રમાણીક થતાં શીખવવું. પછી તે ગમે એવી નજીવી ચીજ હોય તો પણ તે આપ લે કરતી વેળાએ તેઓએ પ્રમાણીક રહેવું જોઈએ, એમ તેમના કુમળાં મનમાં ઠસાવવું. ઘણાં છોકરાંઓને પોતાના ભાઈબેનની પેન કે કલમ કે કંઈબી રમતની ચીજ હલુસેથી લઈ લેવાની આદત હોયછે, કે જે જો તોડી નહી હોય તો ચોરીની વલણપર તેમને લઈ જાયછે; અને નાની નજીવી ચીજો તફરામચીમ કરવાની ટેવ મોટપણમાં ચોરી કરવાને શીખવેછે. માટે જો તેવી બુરી ટેવ ટુકેથીજ ડામશો તો, તે આગલ વધતાં અટકશે, ને ભવિષમાં તેથી તેમને ફાયદો થશે. બચ્ચાંનું ભવિષ રૂડું કરવું એ માબાપની ફરજ છે, ને તે ફરજ અદા કરવાનો વખત, તેમના બચપણથી, મુળ શરૂઆત ને પ્રથમ પાયેથીજ તેમનામાં નીતિના બીજ વાવવાનો છે; જેથી મોટપણમાં તેના સદગુણનાં નીતિવાન ફળ જોવાનો માબાપને અપાર સંતોષ ઉપજશે.

પસ્તાવાનું પ્યાલું.

એક માતા કે જે ઉદ્યોગીપણેથી કાળજી લઈ કેળવણી આપી બચ્ચાંને સુધારતી નથી, તેને અફસોસ! કે ભવિષમાં પસ્તાવાનું પ્યાલું પીવું પડશે, એટલુંજ નહી પણ તેનાં કમનસીબ બચ્ચાંને પણ પીવું પડશે. જો એક બચ્ચું પછી તે બેટો હોય કે બેટી, તે જો દુરાચર્ણી, દીન ડુબાઉ, દેશ ડુબાઉ ને કુટુંબને નામોશી લગાડનારૂં નિવડ્યું તો, તેનાં માબાપને કેવો ભારી સંતાપ ને દુખ ઉપજેછે, તે અતરે દર્શાવવા કરતાં, પ્રિય વાંચનારેજ વિચારી લેવું સારૂ છે. માટે ઓ માતાઓ, સવખતે ચેતજો કે કુવખતનો પસ્તાવો નહી કરવો પડે.

પરહેજગારી.

પરહેજગારી મનને સ્વચ્છ ને લોહીને મીઠું રાખેછે, અને ઘણાએક દુખ દરદોને દુર કરેછે. મધ્યમપણું એ માણસનો મોટો દોસ્ત છે. તે તેની જીંદગીને સાદી ને સુખી રાખેછે. મધ્યમપણું એ માણસનો હમેશનો

ફાયદો થવો જોઇએ. તેણે પોતાના મનના જુસ્સાઓને મધ્યમપણાની લગામમાં રાખવા જોઈએ. મનના જુસ્સાઓ ગોયા આતશ ને પાણીની મીશાલે છે. તેઓ ભલા નોકરો છે પણ ભુંડા માસ્તરો છે. માટે માતાઓએ બચપણથીજ મધ્યમપણાનો ઉત્તમ કાયદો બાળકોના કોમળ જીગરમાં ઠસાવવો, અને હરએક કામમાં અતેરૂ કરવાથી પરહેજ રહેતાં શીખવવું. જો તે બચપણથીજ મધ્યમપણે રહેતાં શીખશે તો મોટપણમાં ને આખી જીંદગી સુધી તેમજ રહેશે. સુખી તેજ માણસ છે, કે જે દરએક ચીજમાં પરહેજગાર રહેછે.

પતરાજી.

ઘણીએક માતાઓ પોતે બચ્ચાંને પતરાજી, ને છાલકાપણું શીખવેછે; એમ લખવાથી જો કે હું તેવાંઓની ખફગી મારાતરફ ખેંચીશ, તોપણ જે ખરૂં છે તે લખવું જોઇએ, ને જ્યાં સુધારાની જગ્યા છે, તે બતાવવી જોઇએ. એક નાની છોકરી તરફ જુઓ? કે જેને તેની માતા શોભીતા કપડાંથી સણગારેછે, અને કપડાં, સાદાં નહી, પણ શોભીતાં કપડાં તે જાણે શું એક મોટી ખાસ જરૂરીઆત હોય, જાણે તે વગર એટલે શોભીતાં સુંદર કપડાં વગર ચાલેજ નહી, એવો વિચાર પેલાં કુમલાં મગજમાં ભરેછે. સારાં સારાં કપડાંને માટે એટલી તો મોટી કાળજી ને ચીંતા બતલાવવામાં આવેછે, કે જાણે સાદાં નહી પણ સુંદર કપડાં તે શું એક મહાભારત ચીજ હોય ને શું એક પેહલાં નંમબરની અગત્યતા હોય. હવે પેલું નાનું બાળક જે બચપણથીજ એવું જોતું આવેલું ને એવી પતરાજીખોર ટેવમાં ઉછરેલું તે મોટપણે તેવાજ છાલકા વિચારનું નિવડેછે. સાદાં, ને સફાઇદાર કપડાંથી તે ધરાતું નથી. તેને સુંદર, શોભીતા, એશકી પોષાકો જોઇએછે. તે જો તેને ન મલે, કદાચ તેની ગુંજાસ તે ખરીદવાની ન હોય, તો પછી કપડાંનો વિચાર તેને મોટો બળાપો કરાવેછે. પોતાને મન ગમતાં કપડાં વગર તે કદી બહાર જવા ચાહતું નથી, ને સુખી જીવને નકામો ફોકટનો સંતાપ કરાવેછે. માટે ઓ વાહલી માતાઓ, તમારાં બચ્ચાંઓને સાદાઇથી ઉછારી તેઓની જીંદગી સુખી કરો. શોભીતાં ને સુંદર કપડાં ચપડાંનાં ઠાલી પતરાજીખોર વિચાર તેમના મનમાં ના ઠસાવો. એવી રીતે ઉછરેલાં બચ્ચાંઓ મોટપણે પોતાનાં મગજને વધારે મોટા ને સુંદર કુદરતી ખ્યાલોથી ખીલવવાને બદલે, બસ કપડાં ને કપડાંનાજ વિચારથી ભરેછે. અને તે જો નથી બની શકતાં તો પોતાને કેવાંએક કંગાલ સમજેછે. માટે માબાપની ફરજ છે કે બાળકોના મનમાં જેમ કેળવણી શીખવણીથી

તેમજ પોતાના જાતી દાખલાથી ઠસાવવું, કે કપડાં ચપડાંનો વિચાર બીજી પંકતીનો છે; ને પેહલો લાયક વિચાર તે, સુંદર ખ્યાલો ને રૂડી નીતિરીતીની કેળવણુથી મનને સણગારવાનો છે. કપડાં ચપડાંની હાલી ફીશીયારીમાં ઉધરેલી છોકરીઓ ઉડાઉ બાયડીઓ, ને કંગાળ માતાઓ નિવડશે. કોઈ કહેશે કે શું ત્યારે છોકરાંઓને ચીથડેહાલ અવર જેવાં ફેરવ્યે? હું કહું છું કે નહી. તેઓને તમારી ગુંજાસ મુજબ સાદાં ને સફાઈદાર કપડાંથી શોભાવજો. સાદાઈ પોતેજ સુશોભીત છે, અને સફાઇ સુધડાઇ એજ બેમુલો સણગારછે. માટે તમારાં બચ્ચાંઓને શીખવજો કે જીંદગીની લાયક ફરજો અદા કરવાના ને બીજાં ઘણાંએક ફાયદાકારક યોગ્ય કામો કરવાના છે, તેનો પેહલાં વિચાર કરો ને પછી કપડાંનો, મતલબ કે શોભાના, શોખનાં કપડાંનો. સાદાં ને સુઘડ કપડાંની તો જરૂરજ છે. તેવાં સાફ સુઘડ કપડાંની અંદર સ્વચ્છ તનબદન પણ હોવું જોઇએ. અને શરીરને સ્વચ્છ ને શોભીતું રાખવાને દરરોજનાં અંધોલની ખાસ જરૂર છે. સાદાં સાફ કપડાં ને સફાઇદાર ચામડી એ સર્વેથી સરસ ખુબસુરતી છે, ને તેની સાથેજ તનદરોસ્તી છે. તનદરૂસ્તી ને ખુબસુરતી જોડેજોડ ગોયા પાંખડી પકડીને ચાલેછે. માટે માતાઓએ પેહલો વિચાર આવી ખાસ જરૂરીઆતોનો કરવો, નહી કે શોભણુસાભનનાં મોંઘાં કપડાંની હાલી પતરાજીખોર વડાઈનો.

પારકાં માટે અંદેશો કરવો.

નાનાં બાળકોને બીજાં બાળકોની લાગણીનો વિચાર કરતાં શીખવવું. બીજાઓને અણઘટતું દુખ દેવું નહી, ને સખત શબ્દો વાપરવા નહી. અગરજો કંઈ ખરેખરૂં સાચું, પણ સામાને અણગમતું કહેવું પડે તો ઘણી નરમાસ ને માયાથી કહેવું. કેટલાં બધાં લોકો એવાં છે, કે દીલનાં મયાલુ છતે, કઠોર, જંગલી ને સખત વર્તણુંકથી બીજાની લાગણી દુખવેછે? જો કે તેમ દીલ દુખવવાની તેમની ખાસ મતલબ હોતી નથી, પણ તેમને એવી બુરી ટેવ પડી ગયલી માત્ર હોયછે. તેથી માણસ માત્રના ફાયદા ને સુખને માટે માતાઓએ પોતાનાં બચ્ચાંઓને પારકાની લાગણીનો વિચાર કરવાને શીખવવું.

પરણવાનો લાયક વખત.

માતાઓએ જાણવું અગત્યનું છે કે વૈદક વિચાર મુજબ શરીર સુખાકારી ને મજબુત બાંધો ભવિષમાં જાળવવા કીજે પરણવાને લાયક

વખત ૨૦ વર્ષની ઉમર પછીનો છોકરીઓ માટે છે. માટે દીકરીની માતાઓ, કે જેમને તેમની તનદરૂસ્તી ને સુખાકારી વહાલી હોય, તેઓએ એ બાબત્ પર ગંભીર ધ્યાન પુગાડવાની હું અરજ કરૂંછું.

ફરજ.

આ એક બોલની અંદર ઘણો મોટો સમાવેશ થયલો છે. ફરજ, જેમાં ધીરજ, હીમત, ટકાઉપણું, પ્રમાણીકપણું, સચ્ચાઈ, તકેદારી એ બધુ સમાયલું છે. એક માતાની ફરજમાં એ બધું કેટલું અગતનું છે! અને એ દરેકે દરએક શબ્દ કેવાં ઝલકાટભર્યાં કિર્તીના કુડાલાંથી વિટલાયલા છે! માટે દરએક માતાએ પોતાની ફરજ પુરેપરી અને ચાલાકીથી બજાવવાને ચુકવું નહી. ફરજ વિષે શેકસપીયર શું કહેછે તે સમજો "જ્યારે સાદાઈ અને ફરજ હાજર થશે, ત્યારે કોઇબી ચીજ પડતી નહી મુકાશે."

બચ્ચાંની નીતી ને સ્વચ્છ પાણી.

બચ્ચાંની જેમ તનદરૂસ્તી તેમજ મનદરૂસ્તી માટે સ્વચ્છ પાણી શીવાય બીજુ કંઈબી જરૂરતું નથી. બાળકોને, તનદરૂસ્ત નિર્દોષ કુમળાં બાળકોને દારૂ જેવી કેફી વસ્તુ આપવી, એ ઘણું શરમભર્યું છે. બચપણમાં એ ટેવ પડ્યાથી મોટપણે તે વગર ચાલતું નથી, ને વગર આંકોશના નબલાં મગજનાં બાળકો મોટપણમાં એ બદીનો ભોગ થઈ પડેછે. માટે એવાં છાકટપણાની શરૂઆત કરી, બચ્ચાંની પાછલી જીંદગી કંગાળ બનાવવાથી માબાપે પરહેજ રહેવું.

બચ્ચાંને માટે નિર્દોષ વાતો.

જેમ બને તેમ બાળકો આગલ ભુત–ડાકણની, ને બીજી મનને ભયબીત ખ્યાલોથી ઉશકેરે તેવી સ્વપ્ના વિગરેની વાતો કહેવાથી દુર રહેવું. એથી બાળકોનાં મગજમાં ઘણો બિગાડો થાયછે, અને તે કુમળા જીવોને દુખી ને કંગાળ બનાવેછે. અગર જો તમારે એવી વાત કરવીજ હોય, બીજાઓ આગલ, તો મેહરબાની કરી તે, બચ્ચાંઓને દુર કીધા પછીજ કરજો. તેઓ સાંભળે તેમ એવો એક હરફ પણ બોલશો ના. જાદુ કોતલ, ભુત ડાકણ, દીલમાં આવવું, વિગેરે વાતો એવી છે, કે બાળકોનાં સાંભળવામાં આવવાથી તેઓને ઘણું નુકસાન કરેછે, તેમના મગજને નિર્દોષ, ખુદાઇ, ખુદરતી વિચારોથી અટકાવી બુતપરસ્તી વિચાર તરફ દોડાવેછે, કે જે પાક જરથોસ્તી ધર્મથી તદન ઉલટું છે.

બચ્ચાંપર માર ને ગાળ.

જરા જરામાં નજીવા જેવાબી વાંકસર બચ્ચાંને સમજાવીને કહેવાને બદલે, તેઓપર હાથ ઉચકવા, તથા છુટે મોહડે ગાળ દેવી એ ઘણુંજ મુર્ખાઇ ભર્યું છે. જો માબાપનાજ ખરાબ દાખલાથી, કે ખરાબ તરબીયતથી, કે પાજી સ્વભાવથી બચ્ચાં બિગડે તો પછી તેમાં બચ્ચાંનાં કરતાં માબાપનો કેટલો વધારે વાંક છે? બચ્ચાંને કેળવવામાં પેહલાં તો માબાપની પોતાની રૂડી ચાલચલણનો, ને મીઠા સ્વભાવનો રૂડો દાખલો જોઈએ. બીજું તો તેની સાથે અતી ખંતવાલી ધીરજ જોઇએ. કેમ જે ઘણી વખત બાળકો એવી ચાલ ચલાવે છે, કે જેથી માબાપને ઘણી ચીડ ચહડેછે, માટે તેવે વખતે ધીરજનું ધન અખત્યાર કરી, ડહાપણથી કામ લેવું.

બચ્ચું એક સોબતી દાખલ.

એક પ્રિય માતાને પોતાનાં બાળકની સંગત બીજી કોઇબી સંગત કરતાં વધુ કીમતી ને વહાલીછે. એક અમેરીકન કવિ બાનુ જેમ કહેછે તેમ દરેક માતા કહી શકે કે, "બીજાઓની ખુશી કરતાં, હું તારી દલગીરીમાં ભાગ લેવશ; કેમજે જો કે બીજાઓને મન તું બીસાદ વગરતું છે પણ મારે મન, આખી દુંન્યા કરતાં વધું કીમતી છે."

બચપણની સાદી પાકીજગી.

બાળકો પેહલું બોલતાં શીખ્યા પછી તુરતજ પાક ખુદાનુ નામ તેમને નિર્દોષ મોહડે બોલતાં શીખવવું ને પછી આગલ જતાં સાદી ને ટુંક બંદગી તેઓના ફીરેસ્તાઈ અવાજે તે કિરતારને અર્પણ કરાવવી. તેમને, તેઓના આકાશી બાપ પાસે દુવા માગતાં શીખવવું કે તેઓના માબાપ, ભાઇ બેન તથા સર્વેને સુખી રાખે, ને તેઓને ડાહ્યાં ને ભલાં કરે. બચપણની આવી સાદી ને ટુંક બંદગીની અસર અજબ જેવી ભલી થશે. તેથી તેના મગજ પર તે પરવરદેગારની હસ્તીનો ઉંડો છાપ બેસશે, ને મોટપણમાં કદી ભુસરાશે નહી.

બચ્ચાંની તરફ માનપુર્વક ચાલ.

બચ્ચાંઓ તરફ વારે ઘડીએ સખતાઇ વાપર્યાથી, ને તેમને ઘડી ઘડીએ હાડમાર કર્યાથી તેઓ તમારી તરફ તીરસ્કારની નજરે જોતાં શીખશે. તેઓને રૂડી કેળવણી આપવાની તમારી ભલી મતલબ છતાં તે પાર પડવી મુશકેલ પડશે. માટે ધમકી ને માર તો સહુથી છેલ્લા

લાજ તરીકે વાપરજો, તેઓને કંઇબી કહો ને શીખવો તે માનપુર્વક ને
યા ભરી રીતે કહેજો. તમે તેઓને આબરૂ આપજો ને તેઓ જરૂર
મુને તેમજ માન આપશે. આબરૂની લાગણી સુન્ય મારશે તો તેઓ
રૂર નફ્ફટ નિવડશે.

બચ્ચાંની ચુપકીદી.

જો એક બાળક જે હમેશ હસતું રમતું ને બોલકણું હોય, તે ચુપ-
દી અખત્યાર કરી ગુપચુપ બેસી રહે તો જાણવું કે કંઇબી તેનેથી
સતી થઇ છે ખરી, કંઇબી કામ બાગડ્યું છે ખરૂં. એ નાનાં હસતાં
લરતાં ને આનંદી હૈડાંને કદી ચુપ બેસવા ગમતું નથી. ચુપ બેસવું
દન અખુદરતી છે. માટે જો તે પોતાની હમેશની રમતીઆળ ખાસી-
યેતથી ઉલટું, ચુપચુપાટ ઉંદરની પેઠે છાનું રહે તો જાણવું કે તેનેથી
ંઇબી નુકસાન થયું છે ખરૂં, નહી તો તેની તબીએતમાં કંઇ
બેગાડ છે ખરો.

બચ્ચાંના મનની વલણ.

એક માતાએ જો પોતાના પ્રિય બાળની વલણ ભલી હોય તો તેને
હમેશ ઉત્તેજન આપવું, પણ તેથી ઉલટી એટલે બુરી હોય તો તેને દાબી
રાખવી. બચપણનોજ તે કીમતી વખત છે, કે જ્યારે તેની વલણોપર
ભલા છાપ મારી શકાયછે. દાખલા તરીકે તે જો નાફરમાન થતું હોય તો
તેને કેળવણીથી તાબેદારી શીખવવી; જો તેને જૂઠું બોલવાની ટેવ હોય
તો, તેને સમજાવીને પ્યારથી સચ્ચાઇ તરફ દોરવવું; જો તે આકળા ને
ઉતાવળા સ્વભાવનું હોય તો તેને નમ્રપણે તોપણ મજબુતીથી નમ્ર ને
શાંત થવાને શીખવવું. એક બાળકની વલણ પછી તે ભલી હોય કે બુરી
તે બચપણમાં તુરતજ પરખાઇ આવે છે. તે કેવા ખવાસનું બનેલું છે તે
તેની બચપણની વર્તણુકથી ખુલ્લું માલમ પડેછે. માટે તેનાં ભલાં માટે
નહીં ત્યારે આજ બચપણના વખતમાં બાળ-મગજની ખીલવણી ને
કેળવણીની જરૂર છે.

બચ્ચાંની પ્રકાશીત જીંદગી.

તેમની જીંદગીના ચલકતા સમયને તમારી સખતાઇ ને કઠોરપણાનાં
કાળાં વાદલથી ઘેરશો ના. કેળવણી તેમને આપજો પણ તે સખતાઇથી
નહી. વસંતના બહારમાં ખીલતાં ફુલ મીશાલની, તેમની ખીલતી ખુશાલ
પ્રકાશીત જીંદગીને તમારા કઠોરપણાથી કરમાવી નાખશો ના. તેમના

બચપણને જેમ બને તેમ મધુર ને મીઠું બનાવજો. તેમની જીંદગીની પ્રકાશીત સહવાર તો જલદી વહી જશે, ને આ દુન્યાના દુખ સુખ ને જંજાલો સામે ઉભાં થશે.

બદન તે ગોયા બાગ છે.

આપણું બદન તે બાગ છે, ને આપણી મરજી તે માળી છે. અને આપણી મરજીથી જેવાં ભલાઈ કે બુરાઇના બીજ વાવશું તેવાં તેના ફળ પરીણામ નીપજશે. તેમજ બચ્ચાંઓના બાબમાં એ ઘણું અનુકુલ છે. બાળકનું બદન તે બાગ છે, તેમની મરજી તે ગોયા માળી છે, ને તેમની માતા તે બાગબાનીનો શીખવનાર શિક્ષક છે. જ્યારે એમજ છે તો માતાઓએ પોતે બાળકોના તન ને મનની ખેતી કેવી રીતે કરવી તે જાણવું કેટલું બધું અગત્યનું છે?

બચ્ચાંની કસુરો તરફ અખાડા.

કદીબી તેમની કસુરોપર નાબતી કરશો ના. દરેક વાંક માટે તેમને સમજાવી તેમના મનમાં ઠસે તેમ ગંભીરાઇથી કહી તેમને સુધારવા માટે તમારી દરેક કોશેશ કરજો. જો તમે તમારા બેટાઓ ને બેટીઓને સદગુણી ને વિવેકી બનાવવા ચાહતાં હો તો તે દરેક વિવેક ને સદગુણનું બીજ બચપણથીજ તેમનાં મગજમાં રોપજો. બાકી મોટપણમાં તો કશું વલનાર નથી.

બડબડાત.

આખો વખત દરેક ચીજમાં ખામી કાઢીને બડબડ્યા કરવું ને ચિરડાયા કરવું એ ઘણું મુર્ખાઇ ભર્યું છે. જો તમે પોતેજ એવા તારી-મારીના રોદરા રડતાં ને છતાં સુખે બડબડતાં રહેતાં હશો તો પછી તમારાં બચ્ચાંબી તેવાંજ ચિરડાઉ ને બલીએલ નીકલે તેની શી નવાઇ? કેટલાંક મા તેમજ બાપો હમેશ કંઇ ને કંઈ ખામી શોધનારાં ને ખણખોદ કરનારાં હોયછે તેવી તેઓની ટેવને લીધે તેઓને કંઇબી ચીજ ખરી કે વાજબી લાગતી નથી. દરેક બાબદમાં કંઇ ને કંઇ તેઓને ખોટુ જણાયછે ને તેથી તેઓ ચિરડાઇને બડબડ્યા કરે છે ને પોતાની નઠારી ટેવનો વારસો એ રીતે કુમળાં બચ્ચાંને આપેછે. પછી જ્યારે તેઓ ચિરડાઉ ને પાજી સ્વભાવના નીકલેછે ત્યારે તે માબાપો બળાપો કરેછે. પણ તે શું કામનો? માબાપો-એ પોતાની કીમતી ફરજોના ગંભીર જોખમો માટે પેહેલેથીજ સચેત રહેવું જોઇએ.

બેચેન બચ્ચાં.

અગર જો એક બચ્ચું ઘણું બીમાર નહિ હોય તેમજ ઘણું તનદરૂસ્ત પણ નહીં હોય ને બેચેન જેવું લાગે તો તેને જેમ બને તેમ ખુલી સ્વચ્છ હવામાં ફરવા દેજો, ને સ્મતગમતમાં તેનું મન રીઝવા દેજો. તેની સ્લેટ–ચોપડીને તુરત વેલા બાજુએ નાખજો. ફકત કાંઇ ચિત્રની ચોપડી તેનું મન રીઝવવા આપજો. ને તેને જેમ બને તેમ ખુશાલ રાખજો. આવા સેહલા સુતરા ઇલાજો ઘણી વખતે ઘટીત અસર કરેછે.

બચ્ચાંનુ ખુશાલ હૈડું.

બચ્ચાંનું હૈડું તમામ રમુજ ને મઝાથી ભરેલુ છે. અને ખુદરતના કાયદા મુજબ તેમજ હોવું જોઈએ. એક નિર્દોષ કુમળા જીવને દલગીરી શા માટે જોઇએ? કદી નહી. તેઓએ તો તમામ હર્ષિત, આનંદી, નિર્દોષ ને રમુજી રહેવું જોઈએ; અને તેમ તેઓને રાખવા માટે દરેક જણે કાળજી રાખવી જોઇએ. એ ઉપરથી કોઇએ એવો અર્થ નહી ઉઠાડવો કે બચ્ચાં જેમ કરે તેમ કરવા દેવું, ને વગર આંકુશે ખોટા લાડથી બેહકી જવા દેવાં. મતલબ કે જે કંઈ કહેવો, શીખવો, ને કેળવો તે ખુશી ભર્યા ચેહરે, પ્યાર ને નમ્રતાથી; નહી કે કઠોરપણેથી.

બચ્ચાંનાં સાથીઓ.

બાળકોને બુરા સોબતીઓથી દુર રાખજો. ઘણું સારી કેળવણીના બાળકોબી જો બુરાની સંગતમાં ફરશે તો ઘણી નહી ને થોડીબી અસર તેમનામાં ઉતરશે, ને તમારી આટલી બધી રંજ ને કાળજી છતાં તેઓની ચાલચલણ એવી થશે કે તમુને દલગીરી ને નાસીપાસી ઉપજ્યા વગર રહેશે નહીં. માટે હમેશ તેઓ કેવી સંગતમાં ફરેછે, ને કેવા મીત્રો ધરાવેછે, તેપર બારીક ધ્યાન આપજો.

બચ્ચું, એક આરામ આપનાર.

જ્યારે તમારો જીવ દલગીર હોય, કોઇ વાતથી તમારૂં દીલ રંજીદા થયું હોય, તમુને કંઇ સોહવાતું નહી હોય, કે ગમતું નહી હોય, કોઈબી ચીજપર તમારૂં મન લાગતું નહી હોય, તો તેવા વખતમાં તમો બચ્ચાંને તમારો સાથી કરજો. તેની નિર્દોષ મધુર બોલી, તેની તોતડી વાતચીત, તેનું સુંદર હસવું, અને નિર્દોષ ચાળા, તેનો ચલકતો ચેહરો અને સાદો ખુશનુમાં દેખાવ તમારૂં બધું દુખ ને દલગીરી ભુલાવી

નાંખશે. મીસીસ નોરટન કહેછે કે "જે માણસ બચ્ચાંની સંગતની અજમાયશ કરી જોતો નથી, તેણે આ દુન્યાની એક સહુથી સરસ મજાહ પોતની બેદરકારીથી ખોહી એમ જાણવું, કારણકે એમ કરવું તે એક અસાધારણ સુંદર ફુલની કદર ને કીમત નહી બુજવા સરખું છે."

બાપ ને બાળક.

પોતાના બાપ સાથ હરેક નાની, રમુજી, ને નિર્દોષ રમતગમત કરવામાં બચ્ચાંને અતીઘણી ખુશાલી મલેછે. વલી જે સમજુ બાપ પોતાના વહાલાં બાળકની ખુશાલી ને મજાહ, ને રંગીલી રમત ગમતમાં ભાગ લેછે, ને તેમ કરવામાં કંઇ હલકું કે નબોજું સમજતો નથી, તે, તે કોમલ મધુર જીવડાને વધારે ને વધારે પ્રિય થઈ પડેછે. બાપ ને બચ્ચાં વચ્ચેનો આવો ખાલેશ પ્યારનો ફિરેશતાઇ સંબંધ ઘણો કીમતી છે. તે, તેને બાપના હુકમ ખુશીથી માનતાં ને તેની મરજી ખરાં દીલથી સાચવતાં શીખવેછે. એક બાપે પોતાની પોહલી પીઠપર બચ્ચાંને લઇ નચાવવું કુદાવવું, બાપને તેમજ બચ્ચાંને ઘણું મોહ પમાડી મંનરંજન કરશે,, એક પિતાએ દરરોજ બની શકે તો થોડો વખત પોતાના બચ્ચાં સાથની રમત ગમતને અર્પણ કરવો, જેમ કરતાં તેની સ્વભાવિક બુદ્ધિ, ને યોગ્યતા, ને મનનું વલણ કેવું છે, તેની ખાત્રી થશે; અને તેનો રાહબર ભોમ્યો થઇ તેની ખામીઓ પીછાણી લઇ, સુધારીને તેને કિર્તી ને સદગુણના રસ્તાપર દોરવી શકાશે. આહ! જો બાપો એટલું જાણે, ને તે પ્રમાણે ચાલે તો કેવું ને કેટલું બધું ભલું તેઓ કરી શકે? એક બાપે ખાતરીથી જાણવું કે તેના બાળકનું ભવિષ ભલું કે ભૂડું બનાવવામાં તેનો મોટો ભાગ છે, ને એ રીતે તેને માથે ગંભીર જોખમદારી પણ મોટી છે; જો તે પોતાની એ પવિત્ર ફરજ અદા કરે તો આ ઉપર જણાવેલો ઉપદેશ ફોકટનો ગણાશે નહીં.

બાપોને બોધ.

જવાનીમાં ખીલતા છોકરાઓ ખરાબ સોબતીઓથી ઘણીવેળા પોતાને ભયભર્યું નુકશાન કરેછે. જેમ એક આંધળો બીજા આંધળાને દોરવે, તેમ તેઓ અંધારામાં ગોતાં ખાયછે. એવે વખતે સારી સલાહ આપવાને, ને ખરાબીના ખડકથી દુર રાખવાને એક પિતા કરતાં બીજું કોઇ વધારે લાયક નથી. તમામ કુધરતી ઓલાદની નિતિનો એ મોટો સવાલ છે, અને તેમાં દરેક પિતાએ પોતાની પવિત્ર ફરજ અદા કરવાની છે. એક બાપે

એવી વખતે એક ખરા રાહબર દોસ્તની માફક વર્તવું ને પોતાના બેટાનો વિશ્વાસ, સંપુર્ણ ખરો વિશ્વાસ મેલવવો જોઇએ. તેણે પોતાના પુત્રને સમજાવવું. કે તેના છાતીના આ વખતમાં જેમ બને તેમ તમામ સ્વચ્છ વિચારો ધરાવવાની, ખાલેશ શબ્દો બોલવાની, ને રૂડાં કામો કરવાની ખાસ જરૂર છે.

બુરાઇને બદલે ભલાઈ.

બચપણથીજ બુરાઈને બદલે ભલાઈ કરવાનો ઉત્તમ કાનુન શીખવજો. બુરાઇનો બદલો બુરાઇથી લેવાને માણસજાત હમેશ તતપર રહેછે, પણ બુરાઇના બદલામાં ભલાઈ કરવી એ મોટાં મન ને ઉદાર દીલની ઇધાણી છે; અને તેમાંજ ખરી ફતેહ છે. કેમજે તે સામા બુરાં માણસના મનમાં ખરાં જીગરનો પસ્તાવો ઉત્તપન્ન કરેછે.

ભરમની વાતો.

ભેદ ભરમની છુપી વાતો બચ્ચાંની હાજરીમાં કરશો ના. કેમજે તે નિર્દોષ બાળક જો તમારી તેવી છુપી વાતો પોતાના ભોળાપણામાં બહાર પાડે તો તેનો દોષ તેને માથે નથી, પણ જે મોટાં માણસો બચ્ચાંના દેખતાં તેવી વાતો કરે છે, તેમનેજ માંથે છે. તેઓનું કોમળ જીગર એટલું તો સાદું છે કે તે એવું કશું સમજી શકતું નથી બચ્ચાંના દેખતાં શું બોલવું, તે માબાપોએ સમજતાં શીખવું જોઇએ. તેઓનાં દેખતાં કોઈની નીચ નીંદાની કે બુરી બદીની વાત કદી કરવી નહીં.

ભુત, ભવિષ ને વર્તમાન.

બુઢાં માણસો હમેશાં વહી ગયલા વખતની વાતો કરેછે, ને આગળા વખત કેવા હતા, તેના મધુર બ્યાન ને રસીલી વાતો કહેછે. જુવાનો ભવિષ તરફ જુએછે, તેઓ ભવિષનુ સુખ, મોજમજાહ, આરામ વગેરેના ચલકતા વિચાર કરેછે, અને તેને માટે મેહનત કરેછે. પણ એક બચ્ચું ફકત હાલતુરતનોજ વિચાર કરેછે. તે ચાલતા વખતનુંજ સુખ સંતોષ ને મજાહ જોઈ શકેછે.

ભોળી માતાની ભુલો.

બાળકોને ઉછેરવામાં ઘણી વખતે માતાઓ પોતાના અજ્ઞાનપણાંને લીધે ઘણી ભુલો કરેછે; માટે તેઓને જ્ઞાન આપનારાં લોકોપયોગી પુસ્તકની ખાસ જરૂર છે, કે જે માતાની ફરજો ને તે કેમ બજાવવી તેનો

સંપુર્ણ ખ્યાલ આપી શકે. અગરજો ફકત પ્યારથીજ બચ્ચાંઓનાં તનની ખીલવણી ને મનની કેળવણી બની શકતી હતે, તો, જેવાં જોઈએ તેવાં ને આપણે ચાહીએ તેવાં બચ્ચાં નિવડી શકતે. પણ તેમ નથી.. બચ્ચાંની તનદરૂસ્તી અને મનદરૂસ્તી માટે એકલો પ્યાર પુરતો નથી. તેને એક બીજી ચીજની મદદની જરૂર છે. અને તે શું છે વારૂ? તે એક માતાનું કેળવાયલું મગજ છે. એક માતાએ બચ્ચાંને શીખવવા કેળવવા ને સારી રીતે ઉછેરવા લાયક થવા માટે પોતે શીખવું જોઈએ; પોતે અભ્યાસી થવું જોઇએ, ને તેણીએ તે અભ્યાસના ભીતરમાં નિયમીત કાયદે પસાર થવું જોઇએ. તેણીએ બાળકોના તનની જતન ખરી રીતે લેતાં શીખવું, તેમજ તેઓનાં મનને બરાબર રીતે ખીલવતાં ને કેળવતાં શીખવું. જ્યારે માતાઓ એવી સંપુર્ણ ને લાયક થશે ત્યારેજ આપણી આવતી ઓલાદ બળવાન ને બુદ્ધીવાન નિવડશે. માટે ઓ માત પિતાઓ, તમારી પુત્રીઓને લાયક, સંગીન, સંપુર્ણ કેળવણી આપવાથી પાછલ ના હટશો.

મતલબીયાપણું.

બચ્ચાંઓને આપમતલબી થવા દેશો ના. તેઓને ફકત પોતાનાજ સુખ, પોતાનીજ સગવડ ને પોતાનીજ મોજમજાહ માટે વિચાર કરવાની ટેવ રાખવા દેશો નાં. એવાં આપમતલબી નાના જીવડાઓ કદીબી કોઈનો પ્યાર મેલવશે નહીં. તેઓને જેમ બને તેમ બીજાંઓની–તેમાં મુખ્ય ભાઇ બેનોની ને પોતાની આસપાસનાંઓની–સુખ સગવડનો વિચાર કરવાને શીખવજો; અદેખાઈ અને અંતસને મારી હટાડવાને ઉત્તેજન આપજો, ને પરોપકારી થતાં શીખવજો. મતલબીઆપણું સારી લાગણીઓને મંદ કરી નાખેછે, તે મમતાનો નાશ કરે છે, અને ગમે એવા સારાં માણસને બુરા આકારમાં રજુ કરેછે. એજ તે દરવાજો છે કે જે રસ્તે અધર્મીપણું અંતકરણમાં થાય છે, માટે આપમતલબને ટુકેથીજ તોડજો.

મદદગાર બચ્ચાં.

મદદગાર બચ્ચાંઓ ઘણાં મોહ પમાડનારાં હોયછે, પછી તેમની નાની મદદ ગમેએવી નજીવી કાં ન હોય? આપસ્વાર્થિ બચ્ચાં કે જેઓ બીજાંની લાગણી કે જરૂરીઆતો માટે કશોબી ખ્યાલ નથી કરતાં તેમનામાં ને મદદગાર બચ્ચાંમાં આસમાન ને જમીનના જેટલો તફાવત છે. માટે અરસપરસ મદદગાર થવાનો ગુણ તેમનામાં બચપણથીજ

ખીલવજો. એક આપસ્વાર્થી બચ્ચું એબલગામણું ને ધિક્કારવા જોગ થાય છે; ત્યારે મદદગાર બચ્ચું મોહ પમાડનારૂં મધુર ને ચાહવા લાયક હોય છે.

મધમાખથી મલતો બોધ.

જેમ મધમાખ ભમી ભમી મધ એકઠું કરેછે તેમ બચ્ચાંઓને કડવાંમાંથી મીઠું ને ખરાબમાં સારૂં ચુંટી કાઢતાં શીખવો. ઉદ્યોગીપણું, ડહાપણ, અગમબુદ્ધિ ને કરકસરના અમુલ્ય ગુણો એક મધમાખ પરથી એક માતા પોતાના બચ્ચાંને શીખવી શકશે. તેણી કેવી ખરોઢીઆમાં ઉઠીને પોતાને કામે ખંતથી વળગેછે ને કેવું અગમચેતી ભર્યું ડહાપણ વાપરી શીઆળાને માટે કરકસરથી મધનો જથ્થો એકઠો કરી રાખે છે? એ ઉપરથી જવાન છોકરાંઓને ઘણું શીખવાનું છે, ને ઉત્તમ બોધ લેવાનો છે.

માતાની આંખો.

એક વહાલી માતાની આંખો પોતાનાં બચ્ચાંમાં શું છે તે તુરત જોઇ શકેછે, ત્યારે બીજાં કોઈબી તેમ જોઇ શકતાં નથી. ફકત તેઓને પોતાના બાળકોને ખરી કેળવણી કેમ આપવી તેનો વાજબી ને સીધો માર્ગ બતાવવાની જરૂર છે. તેના બાળકના જરા જેવાંબી દુખનો છાપ તેના મોહપરથી તેણી અકલથી પીછાણી શકેછે કે જ્યારે બીજાંઓ તેને માટે કાંઈ પણ દરકાર કરતાં નથી. તેના કુમલાં મનમાંથી શું વિચારો પસાર થાય છે તે તેણી જોઇ શકે છે. તેણી તે બાળક પોતાની ઇચ્છાને ઉચ્ચારી જાહેર કરે તે આગમજ પામી જાયછે. ખરેખર એક ભલી માતાની આંખો, જેટલું પોતાથી બની શકે તેટલું પોતાનાં બચ્ચાંનું ભલું કરવાને, અજબ જેવી ચમત્કારીક રીતે ચાલાક, ઝડપવાલી, ને પ્યારભરી છે. ખરૂં છે કે ઘણી વખતે અજ્ઞાનપણાંના અંધકારને લીધે કે કોઈ બીજા કારણથી તેણી પોતાના બચ્ચાંનો ખરો લાભ ને ફાયદો શામાં છે તે જોઇ શકતી નથી. આ કારણને લીધે તેણીએ બરાબર અવલોકન કરવાને, અને ઉંડી સમજ ધરાવવાને કેળવાવાની જરૂર છે.

માતાની અસર.

એક બચ્ચાંપર તેની માતાની સત્તા ને અસર કેવી મોહક ને કેવી મન આકર્ષિત હોયછે. શું ત્યારે એમાં કાંઇ ઉંડો ભેદ નથી? ખરેખર તે ભેદ છેજ, પણ તે કેમ સમજાવવો તે આપણે જાણતા નથી. ખુદરતના

બીજા ઘણુંએક ભરમોની માફક તે પણ છુપો રહેલો છે. મીસીસ દી. મોરગન નામની બાનુ લખે છે કે "એક બાળક ઉપરની તેની માતાની સત્તા ને અસરનો ભરમ હજુ કોઇ સમજી કે શોધી કાઢી શક્યું નથી. એક બાળકની જીંદગી એક માતાની જીંદગી સાથે કેટલા બંધા સખ્યા બંધ બંધોથી ગોયા બંધાયલી છે? ત્યારે એમ તો બની શકે નહી કે તે અસંખ્ય સંબંધો એક પળમાં એવાં છુટાં પડાય કે જેથી માતા પોતાના બચ્ચાંને પરાયાં તરીકે ગણે, અથવા એક પારકી સ્ત્રી બીજાના બચ્ચાંને પોતાનીજ માફક ચાહી શકે. વિદ્યા દેખાડે છે કે એક માતાની સત્તા ને અસરનો વગવશીલો તેનાં બચ્ચાંનાં જન્મ આગમજ કેટલો બધો અગત્યનો છે, પણ વિદ્યાએ એ નથી શોધી કાઢયું કે કંઇ પ્રકારનું મુળતત્વ સર્વથી પેહલાં માતાનાં પ્યારની આકર્ષણ શક્તિથી પ્રગટ થઇ, પોષાઇ, તન ને મનના ઉધરભાવપર સીધી અસર કરેછે."

માતાનો પ્યાર.

એ પ્યાર બાળકોની ઘણીએક નાની મુશકેલીઓ અને ફરીઆદોનો રામબાણ ઇલાજ છે. અગર જો એક મસ્તાન છોકરો દોડધામ કરતાં પડી જઈ હાડકાં પાસરાં ખોખરાં કરી રડતો હોય તો તેની વહાલી માની મીઠી ચુમી ને મમતાળુ બોલો તુરતજ તેને ગોયા સારો કરી પાછો હસતો રમતો કરેછે; જો તેને તેની દાસી કે ચાકર કે ભાઇબેન સાથ જઘડો થયો હોય તો તેની પ્રિય માતા વચ્ચે પડી સૌ સાથ સમાધાની કરાવનાર સરસ મીત્ર છે. જો તેનું દીલ કોઇના ક્રૂર સખુનોથી કે ચાલચલણથી દુખાયું હોય તો માતાજ એકલી એક છે કે જે તેના જખમોને પોતાની મમતાના મલમપટાથી રૂજાવેછે. જો એક બાળક રાતની વખતે આયા કે ચાકરની, ભાડુત કે પડોસીની, મુર્ખાઇભરી ભુત–ડાકણની કે બીજી ભયભીત વાતોથી બીહેછે તો, તેની માતાની છાતી તે તેને મનથી બચાવનુ મજબુત બારૂં છે. તેણીના હાથ તે સૌથી સરસ આશિર્વાદ આપનાર છે. તેણીનો મીઠો અવાજ તેની મોટામાં મોટી ધીરજ છે, કે જે તેને જાણે જાદુઇથી હોય તેમ શાંતીથી આરામ આપેછે. આહા! શું માના પ્યારમાં ઉત્તમપણું સમાયલું છે? માનો પ્યાર શું નહી કરી શકશે? તે કઠણમાં કઠણ હૈડાંને નરમ કરી પોતાને તાબે કરશે. શું એક કેળવાયલી ને સમજુ માતાની સત્તા ને અખત્યાર વિષેનું મારૂં આ કહેવું ખરૂં નથી? ને જો તે ખરૂંજ છે તો પછી તેણીએ પોતાના પવિત્ર અધીકારને પારકા હાથમાં સોંપી નબરવશ ન રહેતાં પોતાના ઘરનું રાજ રૂડી ને સર્વોપરી સત્તાથી

પોતેજ ચલાવવાની કેવળ જરૂર બતાવેછે. એજ એક માતાનો સૌથી સરસ; સૌથી પવિત્ર, ને મોટામાં મોટો અધિકાર છે, કે જેને કેટલીક બાનુઓ ફક્ત 'ફેશનેબલ' મોજીલી ને અયાસી જીંદગી ભોગવવાને માટે પારકા ભાડુતી હાથોમાં સોંપેછે.

માતાની જંજાલો.

એક આખા દીવસની માતાની મુશકેલી ને જંજાલોને પરચુટણ નાની બાબદોનો કંટાળો કેટલો બધો હોયછે; તેનો કેટલાક બાપોને તો સ્વપને પણ ખ્યાલ હોતો નથી. કેટલાકોને મનથી ઘરની જંજાલોને બચ્ચાં ઉછેરવાની મુશકેલીઓ કંઇ જીવ જેવી નથી. પણ આ તો ખરૂં છે કે નભરવશ રીતે જેમ બચ્ચાં કરે તેમ કરવા દેવું ને તેમની આડી ચાલચલણ મેહનત લઇ સુધારવાને બદલે બે ચાર ગાળ દઈ હડકાટી કાઢવાં એ સેહેલું કામ છે; પણ દરેક બાબદમાં તેમને રૂડી વલણ આપવી, ને તેમની તનદરૂસ્તી ને મનદરૂસ્તીના નિયમ જાળવી વર્તવું, એ કાંઇ સેહલું નથી. એ માટે એક માતામાં ઘણી મોટી ધીરજ ને મનની સમભાવ શાંતી જોઇએ. અફસોસ છે તે ગરીબ બચ્ચાંની હાલત પર કે જેની માતમાં મુશકેલી ખમવાની ધીરજ નથી. માતાની સંસારી જંજાલો બે ભાગમાં વહેંચી શકાય છે. એક અટકાવી શકાય એવી ને બીજી નહીં અટકાવી શકાય એવી. પેહલી, માતાના અજ્ઞાનપણા કે બેદરકારી કે ભુલચુકથી આવી પડે છે; જ્યારે બીજી, ખુદરતી ને નહીં અટકાવી શકાય એવી કે જેમાં આપણો કશો ચારો નથી.

માબાપની ફરજ.

મા તથા બાપે બચ્ચાંની કેળવણીમાં એક સરખીરીતે ભાગ લેવો જોઈએ. માના વિચાર જુદા ને બાપના જુદા હોયતો બચ્ચાંની કેળવણીમાં ઘણી હરકત પડેછે. એવી હાલતમાં બચ્ચું પોતાનો મન ગમતી વળણ પકડેછે, પછી તેનું પરિણામ ગમે એવું ગંભીર કાં નહી હોય. કેમજે એક બચ્ચું ફક્ત ચાલુ વખતતુજ સુખ જોઇ શકે છે, ભવિષનો વિચાર તેને થોડોજ હોય છે. કેટલાક બાપો બચ્ચાંની નીતીરીતીની ને વિવેક વગરેની કેળવણી તરફ બહુ બેદરકારી બતાવે છે, કે જે બહુ ખેદકારક છે. મા અને બાપે સાથે મળીને તેઓનાં કુમલાં મગજ પર રૂડીનીતિનો છાપ મારવો જોઇએ. પોતાના વિચાર જુદા હોવા છતાં બચ્ચાંના દેખતાં તેઓએ તે જાહેર નહી કરવા જોઇએ. તેમના દેખતાં તેઓએ

એકબીજાં તરફ માનપુર્વક રીતે વર્તવું જોઇએ. બચ્ચાંની કેળવણીની બાબદમાં તેઓએ એક બીજાને મદદગાર થઈ પોતાની પવિત્ર ફરજ અદા કરવી જોઈએ. નહી કે માએ એક હુકમ બચ્ચાંને કીધો હોયતો બાપે તે રદ કરવો, ને બાપે કંઇ કહયું હોય તો માતાએ ભાંજી પાડવું.

મા અને બચ્ચું.

એક મા અને તેના નિર્દોષ બચ્ચાંને એકબીજા તરફ વહાલ બતાવી ખાલેશ પ્યારથી ગેલ કરતાં જોવાનો દેખાવ ઘણોજ મનોરંજક ને આનંદી છે. બીજા કોઈનીબી સંગત કરતાં એક માતાની સંગત બચ્ચાંને ઘણી જરૂરની છે. તેથી તેને કઈ અજબ જેવી ખુશાલી ને હર્ષ મલેછે. તેણીની પ્યાર ભરી હાજરીમાં તેના દરેક લાભ સમાયલા છે. બચ્ચાંની બરદાસ જેવી એક અક્લમંદ મા લઇ શકે, તેવું બીજા કોઇથી બની શકવું મુશકેલ છે. તેણીએ કદીબી બચ્ચાં જેવાં કીમતી ધનને પારકાંને ભરોસે મુકવું નહી, તેમાં મુખ્ય કરી આયા દાયા ને નોકર નફર ને ભરોસે તો નહીજ. નોકરોથી થતાં દરેક કામ-કાજ પર માતાએ બારીક સંભાળ ને દેખરેખ રાખવાની જરૂર છે. સુખી" તેજ બાળક છે કે જેની માતા તેની હરેક દલગીરી ને ખુશાલીમાં, તેની હરેક નાની મુશકેલી મેહનતમાં, અને તેની નિર્દોષ રમત ગમતમાં ભાગ લેનારી હોયછે.

માતાની જોખમદારી.

માતાની જોખમદારી ઘણી મોટી છે. તેણીનામાં નિર્દોષપણું ને ઉંડા ડહાપણની મોટી જરૂર છે કે જેથી તેણી તેઓને આ દુનીઆને લાયકના બનાવી પેલી દુન્યાને માટે તૈયાર કરે. પણ કેટલી માતાઓ એવી જોખમદારી અગાઉથી વિચારી, સમજીને તેને માટે તૈયાર રહે છે. એક જવાન બાનુએ માતા થવા આગમજ માતા તરીકેની મોટી ફરજો શું શું છે, ને તે કેમ બજાવવી તેથી માહીતગાર થવું જોઇએ. કેટલીક વખતે માતાના અજ્ઞાનપણાથી ઘણાં ગંભીર ને અફસોસકારક પરીણામ નીપજે છે.

માતાનુ સાવધપણું.

જન્મ ને મરણ વખતે એક માતાએ એક પોહોરેગીરની માફક સાવધ રહેવું જોઈએ. અગરજો એક માતા દરેક બાબતમાં સાવધ ને સચેત હોય તો, તેના બચ્ચાંને ઘણાં દુખ દરદો કે જે અટકાવી શકાય

એવાં છે તેનાં ભોગ થવું પડતું નથી. એક સાવધ માતા સુખી આશિર્વાદ જેવી છે, જ્યાર બેદરકાર માતા શ્રાપ જેવી છે.

માતાનો હસ્તો ચેહરો.

બચ્ચાંને દરેક ભલી વર્તણુકમાં ઉત્તેજન આપવાને, ખુશી રાખવાને ને સુખી કરવાને તેની માતાનો હસ્તો ચેહરો જરૂરનો છે. જેમ ઉજડ વનમાં યા સુકીને વેરાંન જમીનપર, હરિઆળી, જેમ થાકેલાંને ઉંઘ, ને આખા દીવસની સખત મેહેનત પછી વ્હાલું ઘર ખુશી ઉપજાવી તાજગી બખશે છે, તેમ માતાનું હસ્વું બચ્ચાને આનંદ પમાડે છે. એક હસમુખી સકલગુણ માના બચ્ચાંનું બચપણ ખરૂંજ સુખી છે. તે ગોયા ખુદાઈ આશિર્વાદ પામેલું છે. માતાના હસ્તા ચેહરાની મીઠી યાદ ઘણીજ સુખદાયક છે. તે બચ્ચાંઓને ભલમણુસાઈ શીખવી બુરાઇથી પાછાં હટાવે છે.

માતાથી છુપી વાતો.

કેટલીક આયા દાયાઓ, કે બીજાં મુર્ખ માણસો છોકરાંઓને તેઓની માતાથી ચોક્કસ વાતો છુપાવવા શીખવેછે. તેઓ ચાહે છે કે તેમના કોઇ ચોક્કસ કસુરો કે બેદરકારી બચ્ચાં તેમના આગળ જાહેર નહી કરે. એવો કારોબાર એક ઘડીબી ચાલવા દેવો નહીં; બચ્ચાંઓએ દરેક વાત માતા આગળ ખુલ્લી કહેવી, ને કંઈ પણ ભેદ ભરમ રાખવો નહી, એવી શીખવણી તેમને મળવી જોઇએ. માતાઓએ તેમને હમેશ પોતાના વિશવાસમાં લેવાં જોઈએ, તેમની દરેક નાની કે નજીવી પણ તેમને મનથી મોટી વાતો સમજવી, ને તેમાંથી ખરાં ખોટાંની સમજ તેમને પ્યારથી આપવી.

માબાપને માન.

બચ્ચાંઓને બચપણથીજ માબાપ તરફ માન બતાવતાં શીખવવું. તેઓનાં મનમાં ઠસાવવું કે માબાપના હુકમો કદી તોડાય નહી અને તેને માટે ફરીઆદ કરાય નહીં. તેઓએ જાણવું જોઇએ કે માબાપ તે તેમના આ દુન્યાના પવિત્ર રાહબર ને માનપુજય રૂડા સલાહકાર છે. તેમને નમવું અને માન આપવું અને તાબે રહેવું, એ બચ્ચાંની ખાસ ફરજ છે. એ ફરજ તેમના પોતાનાજ ફાયદાની છે, એમ માબાપોએ બાળકોનાં કુમલાં મગજમાં ઠસાવવું જોઇએ. તેમજ માબાપોએ પોતાની ઉંચી નીતિ રીતીથી એવાં લાયક ને માનપૂજ્ય થવું જોઈએ.

એ ઘણું દલગીરી ભર્યું છે, કે, ઘણાં થોડાં માબાપો બાળ કેળવણી ને બાળ ખીળવણીની જોખમદારી ભરી ફરજ અદા કરવાને લાયક છે. આ પુસ્તક રચવાની મારી મુખ્ય મતલબ એજ છે કે આવી ખુટ કંઇક થોડે ઘણે હીસ્સેબી પુરવી. જો વાંચનાર આએ નાનું પુસ્તક ધીરજથી ને ધ્યાનથી વાંચી તે મુજબ ચાલવાની યત્ન કરશે તો જરૂર તે ફાયદો મેલવશે.

માતામાં નરમાશ.

માતામાં એક ઉત્તમ ગુણ નરમાશનો જોઈએ. તેણીએ પોતાનાં નાનાં કોમળ જીવને નમ્રપણેથી ઉછેરવો જોઈએ. તેણીએ તેને કંઇપણ કામ સોંપતા, કે હુકમ કરતાં નમ્રપણું બતાવવું જોઇએ; કેમજે કઠોરપણાતાથી પેહલાં તો બચ્ચાં બીહેછે, પણ પાછલથી નફ્રત થાયછે. તેણીએ પોતાના ચેહરાપર કરડા કઠોરપણાનો નહી, પણ મધુર મીઠો નમ્રપણાનો છાપ રાખવો જોઇએ. ધણી તરફનું નમ્રપણું ધણીઆણીમાં ઘણું મોહક લાગેછે પણ તેથીબી વધારે મનમોહન માતામાં બચ્ચાં તરફનું લાગેછે. સચ્ચાઇ સાથ ભેળયલું તમારૂં નમ્રપણું તમારાં બચ્ચાંને ઘણું કીમતી છે. માટે ઓ માતાઓ? તમારા દરેક વિચાર, દરેક વચન ને દરેક કામમાં સાચાં ને નમ્ર થજો.

માબાપના દુખદાયક દુશમનો.

અગરજો બાળકોને નાફરમાન ને બેરડાં ઉધરવા દેશો તો તેઓ પોતાનાજ માબાપના દુશમન, દુખદાયક કડવા દુશમન નીવડશે. પારકાંની દુશમનાઈ ખમાય, પણ પોતાનાજ પાળેલાં, પોષેલાં, ને હજારો રંજથી ઉછેરેલાં બચ્ચાંની દુશમનાઈ કેમ ખમાય? એ દુશમનીનો દંખ ઘણોજ જેહરી છે, નહી ખમાય એવો કાતેલ છે. કોઈ કહેશે કે બચ્ચાં એવાં નગુણાં ને ધાતકી થાય તેમાં માબાપનો શું વાંક? માબાપનો વાંક તેમને બચપણથીજ જે ઘરની કેળવણી, વિવેકની કાયદાસર ચાલવાની ને ભલી રીતે વર્તવાની તે નહી આપવામાંજ છે. માટે મોટપણમાં સહુ દહાડે ડાહ્યાં થશે એ ભરૂસાપર બચપણનો કીમતી વખત બ્યર્થ જવા દેશો ના. બચપણમાં જેવી કેળવણી તમે આપશો તેવાંજ મોટપણમાં તેઓ નીવડશે. તેઓની બેરડાઈ ને નાતાબેદારીને બચપણથીજ તોડજો, તેઓની જાતીવળણ કાંઇ બુરી હોય તેને બચપણથીજ ધીરજ ને ખંત રાખીને સુધારજો, અને માબાપ તરીકેની તમારી ઉત્તમ ફરજ બજાવવાને લાયક થજો.

મીજાજી બચ્ચાં.

જો એક બાળકના તીખા તમતમતા સ્વભાવને બચપણથી તોકશો નહી, ને સુધારશો નહી તો મોટપણમાં ઘણું ઘાતકી ને જુલમગાર નીવડશે. આકલું બચ્ચું ઘરમાં એક પીડા મોશાલ છે. તે બીજાં સર્વપર જાણે હાકમી ચલાવવા માંગતુ હોય તેમ તુમાખથી વર્તેછે. ને બીજાંઓને હેરાનગતી પુગાડેછે. એવાં બચ્ચાંપર ખાસ કાળજી ને સંભાલ રાખવાની મુશકેલ ફરજ માતાએ બજાવવી જોઇએ. નહી તો તેણીને પાછલથી પસ્તાવું પડશે. તેણીએ તેની મુર્ખાઈ, ને ઘાતકીપણું તેને બતાવી આપી સમજણ પાડવી કે તેના ભાઇ ભાડું, માબાપ, તથા બીજા સર્વ સોબતી સંગાથી સાથે તે નમ્રપણે ચાલવાને બંધાયલું છે; અને તેથી ઉલટી રીતે ચાલવામાં તે કીરતારને તે નારાજ કરેછે; અને પોતાના પાક પેદાકરનારને નારાજ કરવો એ ગુનાહ ભર્યું છે.

યોગ્યતા.

જવાન બાનુઓની યોગ્યતા શામાંછે? તુરત જવાબ મલશે કે ફતેહમંદ ને લાયક ઘર ધણીઆણી થવામાં. જવાન છોકરીઓને ઘર સંસાર ચલાવવાની કેળવણી, તેઓ ધણીઆણી કે માતા થાય તે આ-ગમજ મલવી જોઇએ. ઘરનાં સુખ ને સગવડ માટે ઘરધણીઆણી યોગ્ય ત્યારેજ ગણાય, કે જ્યારે તેણી કરકસરથી ને સંભાલથી ઘરનો ખરચ ચલાવી જાણે, નોકરોને ભરોસે તદન ન રહેતાં દરેક બાબતમાં પોતાની દેખરેખથી સારૂં સફાઈદાર ને તનદરૂસ્તીને અનુકુલ ખાણું બનાવી જાણે, ને પોતાની તેમજ પોતાના વહાલાંઓની સુખશાંતી જાળવી જાણે. એ બધા ગુણોમાં લાયક થવાની તેમને કેળવણી આપશો તોજ તેઓ લાયક ઘરધણીઆણી ને સુખી માતા નિવડશે, નહીંતો તેઓ પોતાને તેમજ બીજાંને સંતાપ થઈ પડશે.

રીતભાત.

સારી રીતભાત ને રૂડી માનભરી વર્તણુક બચ્ચાંઓમાં જલદી દાખલ કરશો તેમ વધારે સારૂં. બચપણથી જે આદત પડશે તે જીંદગી સુધી મજબુત રહેશે. સારા ચેહરા કરતાં સારી રીતભાત મંડળીમાં વધુ વખાણ પામશે. સારી રીતભાત વગરનું એક માણસ ભલું હોય, તોપણ તે પોતાને નુકસાન કરેછે.

રમતગમત.

જો બચ્ચાંઓને મજબુત બનાવવાં હોય તો તેમને સારીપેઠે રમત ગમતમાં રોકાવા દેજો. છોકરાઓને તેમને લાયકની પેહલવાંની કસરતોથી જોરાવર ને કદાવર બનાવજો. તેમજ છોકરીઓને ઘરના કામકાજની, ચાલવાની, ફરવાની, બગીચાના કામની વગેરે તેમને લાયકની કસરતથી કસી મજબુત બનાવજો. જેમ તેઓ મજબુત થશે તેમ તેઓ સુખી થશે. જેટલાં તેઓ નબળાં ને વગર કસાયલાં રહેશે તેટલાં દુખી થશે. માટે નાનાં ભૂલકાંઓને સારીપેઠે રમવા ફરવા દેજો. અને તેઓને હસાવી બોલાવી ખુશ ને આનંદી રાખજો. જેટલાં તેઓ નિર્દોષ રમતગમતમાં રમતાં ને હસી બોલી જીવ ખુશ કરતાં રહેશે, તેટલાં તેઓ તનદરૂસ્તને જોરાવર થશે. તેઓના ચળકતાં બચપણના તેજસ્વી ઉજાસને, તમારી કઠોરપણાના કાળાં વાદળથી ઘેરશો નાં.

રમકડાં.

એક બચ્ચાંને તેના પોતાના રમવાના રમકડાં જોઇએ, અને તેપર તેનો ખાસ હક રેહવો જોઈએ, જેમકે માબાપનો તેમની માલ મીલકત ઉપર હોય છે તેમ રમકડાં એ બચ્ચાંની દોલત છે. અગરજો એક બચ્ચાંના રમકડાં તેનાં બીજાં ભાઈબેન માંગે તો તેપર તે બચ્ચાંની પરવાનગી પુછવી જોઇએ. રમકડાં શું કે બીજી હરેક નાની ચીજો એક બચ્ચાંની હોય, તે બીજાંએ કદીબી તેની રજા વગર લેવી નહી એવો રૂડો કાનુન તેમનાં કુમળાં મગજમાં દાખલ કરવો, અને તેમને એક બીજાનાં હક પીછાણતાં શીખવવાં, કે જે પીછાણની મોટપણે ખચીત જરૂર પડવાની છે.

રાતની વેળાએ બચ્ચાંની બીહીક.

રાતનાં સુવા જવા આગમજ બચ્ચાંનું મન તમામ નચીંત, ખુશાલ, ને નફકર રાખવું ઘણુંજ જરૂરનું છે. રાતના કોઇબી રીતે બીહે તેવી, ધાસ્તી ઉપજાવે તેવી કશીબી વાતચીત કરવી નહી તેમજ બીજાંઓને કરવા દેવી નહી. બચ્ચાંઓનાં દેખતાં કેવી વાતો કરવી ને કેવી નહી કરવી તે વિષે માબાપોએ ઘણું શીખવાનું છે. પણ અહીં એટલુંજ ટુંકમાં જણાવીશું કે તેઓના સાંભળવામાં ચોર લુટારાની ને ભુત–ડાકણની ભય ઉપજાવે એવી કશી વાતો નહી આપે, એવી માબાપોએ બારીક સંભાળ લેવી

જોઇએ. તે મધુર મીઠા જીવડાઓને જેમ બને તેમ શાંત મીઠી ઉંઘ આવે એવી રીત વાપરવી જોઇએ. અને તેમને હસતાં રમતાં ને ખુશખુશાલ સુવા જવા. આગમજ રાખવાં જોઇએ.

લખવું.

જો કે બચ્ચાંને સાત વર્ષની ઉમરની અંદર વાચતાં લખતાં શીખવવું પસંદ કરવા જોગ નથી તોપણ તેઓને સ્લેટ પર ઘુંટતાં શીખવવું સારૂં છે. એથી કાંઈ તેમના મગજને જેમ ચોપડીઓ ને આંકો ભરડાવ્યાથી થાયછે તેમ, ઇજા થતી નથી હું એવાં ઘણાં બચ્ચાંઓને પીછાણુંછું કે જેઓએ પોતાના વખત આગમજ એવું ભરવાથી પોતાની ચાલાકી ખોહી છે અને અભ્યાસ તરફ અણગમો બતાવ્યો છે. બધાં બચ્ચાં શીખવામાં એક સરખાં નથી હોતાં. માટે જેવી બચ્ચાંની તનશકિત ને મનશકિત હોય, તે મુજબ તેને સંભાળથી શીખવવાનું સરૂં કરવું. પણ સ્લેટ ને પેનનો ઉપ્યોગ તેમને ખુશીથી ને છુટથી કરવા દેજો. તેઓને તે પર તેમનાં મનમાંના કલ્પીત ચીત્રો દોરવા દેજો, ને ઘસા ને લીટા પાડવા દેજો. કેમજે એમાંથીજ પછી ક, ખ, ની શરૂઆત કરતાં વીલમ કે અણગમો લાગશે નહી.

લાલચ.

એક બાળકને ડાહ્યું થવા માટે મીઠાઇની, કે રમકડાંની કે પૈસાની લાલચ, અગાઉથી બતાવવી એ સારૂં નથી. એવી રીતે ખાવાનું કે પૈસા કે રમકડાં આપી ડાહ્યું કરવા જતાં તે સામું બીગડેછે. કેમજે તેને એવી ચીજોની લાલચ રહેછે, ને જો તે નથી મલતી તો ઘણું ચેડું થાયછે. એવી કુંઢગી રીતથી તે વારેઘડીએ તોફાન કરતાં શીખેછે; એવું સમજીને કે તેને ડાહ્યું થવા માટે હવે કાંઈબી ભેટ આપવામાં આવશે. માટે કદીબી એવી લાલચથી બચ્ચાંને બીગાડવાં નહી. તેને ડાહ્યું થવાના બદલામાં તેની માતાના મીઠા વેણો, ને શાબાશીના સુવચનો પુરતા છે.

વચન.

બચ્ચાંને જે વચન આપવું તે પુરેપુરૂં પાળવું, ને જો નહી પાળી શકાય તો તેવું વચન આપવુંજ નહી. કેમજે તેથી તેમનો વિશ્વાસ તમો પરથી ઉઠી જશે, ને તે પાછો આવવો મુશ્કેલ પડશે. માટે તમારૂ

બચ્ચાં જ્યારે તમો પાસ કંઈ માગણી કરે, ત્યારે તુરતનો કંટાળો દુર કરવા માટે જ્યારે તમારાં મનમાં તો નાં છે. હા, હા, કરશો નાં. જેબી કબુલ કરો તે સંભાળથી કરજો. વિચાર કરજો કે તે કબુલાત વાજબી છે કે નહી ને તે પુરી પાડવાની તમારી શકિતછે કે નહી.

વખતનો વાજબી ઉપ્યોગ.

નાનાં બચ્ચાંઓનો વખત સારી રીતે રોકેલો, ઉપ્યોગી ક્યારે કહેવાય? જો તેઓને તાજી ખુલી સ્વચ્છ હવામાં ફરવા હરવા દીધાં હોય, તેઓને લાયકના પુરતાં રમકડાં રમવા અપાવ્યાં હોય, તથા નિર્દોષ ને રમુજી વાતચીતથી તેમને રીઝવ્યાં હોય ત્યારે. તેઓને અમથાં આળસુ બેસાડી ઝુરવા દેશો નાં. રમત ગમતમાં રોકાયલો તે નિર્દોષ જીવડાઓનો વખત નકામો ગુમાવેલો ગણાશે નહી. તેથી તનદરૂસ્તીમાં વૃધી થશે ને મનદરૂસ્તીમાં વધારો થશે; કે જે મનનુ તેને ભવિષમાં ઘણું કામ પડવાનુંછે. જ્યારે તે રમતથી થાકે ને આરામ લેવા ચાહે ત્યારે તેને અટકાવશો ના. ખુદરતના કામની વચ્ચે પડશો ના. કારણ તે પોતાનું કામ તમારા કરતાં વધુ સારી રીતે બજાવી શકેછે. જરૂરીઆતના આરામ ને ઉંઘ માટે વખત નકામો ગુમાવેલો ગણાશે નહિ, પણ વાજબી ઉપ્યોગમાં લીધેલો ગણાશે.

વારેઘડીએ વચ્ચે પુરાવું.

કેટલાક બચ્ચાંને હમેશાં, કોઇની જરા જેવી વાતચીતમાં પણ વચ્ચે પુરાવાની નઠારી ટેવ હોયછે. તે પોતાનું મત દરેક વખતે તક મલતાં રજું કરેછે, અને પોતે જાણે મોટા ' સોલન ' હોય, તેમ પોતાના ઠરાવ આગલ કરેછે. હવે એવાં બચ્ચાંની ખોડ સુધારવાનો સુતરો ઇલાજ એજ છે કે તેઓને એવી ચાલ માટે હસી કાઢવાં, કે જેથી તેઓને પોતાની મુર્ખાઇ ને અધુરા વિચારોનો ખ્યાલ આવે, અને પોતાની નઠારી ટેવને હસી કઢાયલી જોઈ તેને સુધારવાની કોશેશ કરે.

વિવેક જમતી વખતનો.

વિવેક દરેક બાબતમાં જરૂરનો છે. અને તે બચપણથીજ માતાઓએ બચ્ચાંને શીખવવો જોઈએ. જમતી વખતે દરેક બચ્ચાંએ શાંત ને સલુકવંતા થવું જોઇએ. જરા જરામાં દરેક ચીજને માટે માંગતાં ને ટાહેલું કરતાં બચ્ચાં ઘણો કંટાલો ઉપજાવેછે. તેઓ જાણે વલચંદાં વાંદરા જેવાં એબલગામણા લાગેછે. માતાએ પોતેજ સમજીને, ધ્યાનથી વિચારીને તેને

લાયકનું ભોણું કરી આપવું કે જેથી વારેઘડીએ કંટાળો આપવાની તેમને ટેવ પડે નહી. તરેહવાર જાતના ને સ્વાદિષ્ટ પકવાનો તેમને પૂછી પૂછીને આપવાં નહી. તેમને લાયકનું સાદું ભોજન માતાએ પોતેજ તૈયાર કરી આપવું, ને તેથી વધુ માંગવા દેવું નહી. તેઓને સમજાવીને પ્યારથી કહેવું કે તેઓની તનદરૂસ્તીને અનુકુલ ને લાયક ખાણું, જે માતા આપે તેજ તેઓએ ખાવું જોઇએ. તેથી વધુ માંગવું નહી જોઇએ. જેમ બને તેમ પક્કો બંદોબસ્ત ને સભ્ય વર્તણુક જમવાની ટેબલપર રાખવી જોઇએ. માબાપે પોતેબી જમતી વખતે ખુશાલ મને, હસતે ચેહરે, ને સભ્યપણે સત્તા વાપડવી. નહી કે ચિરડાઇને, કે ગુસ્સો બતાવીને પોતાનું તેમજ તે મીઠા કુમળા જીવોનું દીલ દુખવવું. માબાપોએ પોતે પોતાની સત્તા ઘટતી રીતે વાપરતાં શીખવું જોઇએ; નહી કે જરા જરામાં તેઓને વહારી ખાવાં ને એવી રીતે તેઓને સુધારવાને બદલે ઉલટાં બીગાડવાં. જમતી વખતે કંટાળાભરી વાતચીત ને ગેરસલુકાઇ પાચનશક્તિને ઘણું નુકસાન કરેછે, ને ગમે એવાં સારાં ખાણાંનેબી અણગમતું ને પાચન નહી થઇ શકે તેવું કરેછે. માટે જો એક બાળક જમતી વખતે ચિબાવલું થવાના ચિંન્હ દેખાડે તો તુરત તેની તે ખરાબ ટેવને જડમુળથી ઉખેડી નાખવાનો ઉપાય લેજો, કે પાછલથી પસ્તાવું ન પડે.

વિશ્વાસ.

માતાએ પોતાના બચ્ચાંને જેમ બને તેમ પોતાના વિશ્વાસમાં લેવાની કોશેશ કરવી જોઇએ. કોઇ માતા સવાલ કરશે કે કેવી રીતે તેઓને વિશ્વાસમાં લેવાઇ શકાય? જવાબ એજ કે તેઓની રમત ગમતમાં ભાગ લેવાથી, તેઓની ગોઠવણો ને યોજનાઓમાં દાખલ થવાથી, તેઓની નાની નાની હલુસેની છુપી વાતો સમજવાથી, અને તેઓની પટપટખોરી જીભ માટે કંટાલો નહી દેખાડવાથી. તેમ કરીને તેઓની અંદર શું ખામી છે, શું અવગુણ છે, તે પીછાણી લઇ પ્યાર ને સમજાવતથી સુધારવા, તેઓની છુપી વાતો સમજી લઇ તેઓના ખોટા શક દુર કરવા, ખ્યાલી ગુચવણ મટાડી દેવી. તેઓના સવાલોના તેમને સમજ પડતા જવાબ દેવા, ટુકમાં બચ્ચાં સાથે બચ્ચાં થઇ મળી જવું, અને એ રીતે બચ્ચાંને પોતાના પુર વિશ્વાસમાં લેવું. એ બધું કરવા માટે માતાએ શું શીખવાનું નથી?

વિરૂદ્ધપણું.

કેટલાંક માબાપો ભુલથી બચ્ચાંને પોતાની સામે થવા દેછે, તેમ થવું ન જોઇએ. ખાસ કરી માબાપના લાયક ને વાજબી વિચારની સામે તો કદી બચ્ચાંઓએ વિરૂદ્ધપણું બતાવવું ન જોઇએ. માતાએ બચ્ચાં સાથે લાંબી તકરારમાં ઉતરવું નહીં. એવી રીતે તકરારમાં ઉતર્યાથી વિરૂદ્ધપણાંને ઉત્તેજન મલેછે, અને એવી સામે થવાની ટેવ પડી જવાથી માતાની સત્તાનો અનાદર થાય છે. હવે જ્યાંથી માતાની સત્તા ને મોભો તુટો, ત્યાંથી ઘરમાં બધો ઘોંટાલો દાખલ થાયછે, અને ગોયા તેણીનાં રાજનો છેડો આવે છે. એ દેખાવ ઘણોજ દુખભર્યો છે. માટે જેમ બને તેમ મા તેમજ બાપે એક બીજાનું માન ને મોભો જાલવી બચ્ચાંને રૂડી કેલવણી આપવાને તતપર રહેવું જોઇએ. અકસર કરી કેટલાક ધણીઓ પોતાની સર્વોપરી સત્તા આડી રીતે વાપરી પોતાની પ્રિય પરણેતરને અપમાન કરેછે, તેમ કરવું ન જોઇએ, કારણ તેથીબી બચ્ચાં માતાની વિરૂદ્ધ જઈ તેણીની સત્તાનો ઇનકાર કરતાં શીખે છે. કે જે તેણીની રંજને મુશકેલીઓ પછી ઘણુંજ દુખભર્યું છે.

વિદ્યા ને ડહાપણ.

માતાએ પોતાનાં બાળકને દાખલા દલીલથી, ને નજરેનજર ધ્યાનથી તપાસી, દરેક ચીજનુ જ્ઞાન ને ડહાપણ શીખવી, તેને ડાહયું કરવું; અને ચોપડીઓથી વિદયા શીખવવી. વિદયા કરતાં બારીક બુદ્ધિ ને ડહાપણ વધારે ઉપ્યોગી ને જરૂરનું છે. માટે બચ્ચાંઓને ચોપડીઓ શીખવવાની ઉતાવળમાં હાડમાર કરવાને બદલે તેમને સામાન્ય જ્ઞાન ને ઉપ્યોગી ડહાપણ, નજરે દેખાડીને, વાતચીતમાં સમજાવીને, ને દાખલ દલીલ દેખાડીને બચપણથીજ શીખવવાનું શરૂ કરો.

વિસામો.

માબાપોએ યાદ રાખવું કે હરેક કામકાજ કે રમત ગમત પછી વિસામાની બચ્ચાંને, શું નાના કે મોટાંને, ખાસ જરૂર છે. હવા કે જે તેઓ દમમાં લેછે, ને ખોરાક કે જે તેઓ ખાય છે, તેના જેટલીજ જરૂર વિસામાની પણ છે. બચપણ એ રમત ગમતનો ને મોટપણ એ કામકાજનો વખત છે. તેઓ બંને ઇનસાન જાતને માટે જરૂરનાં, ખાસ અવશ્યનાં છે. વળી માતાએ જાણવું કે ઘરની અંદરના કરતાં

બહારની સ્વચ્છ તાજી ને ખુલ્લી હવામાં ફરવા હરવા મોકલવાનીબી એકસરખી અગત છે. તેથી તેઓનાં તન અને મનને તાજગી મલેછે. તેઓ ગોયા નવેસરથી પાછાં ખીલેછે. તેથી તમારાં ઘણાંએક ટાનીક ને દવાદારૂનો ખરચ બચેછે. સારી સમજથી ને દુર અંદેશીથી, હવાપાણી ને રૂતુના ફેરફાર સામે પુર સંભાળથી, લાયક ખોરાક ને પોષાકથી, ને જરૂરીઆત વિસામાથી તમારાં વહાલાંની તબીએતને સંભાળશો તો તેઓ પેહલવાન જેવાં જોરાવર ને કદાવર થશે. અને નાતવાન નબળાં ને દરદી બચ્ચાં થોડાંજ નજરે પડશે.

વેરસી બચ્ચાં.

બચ્ચાંઓની વેરભાવિક ચાલને ટુકેથીજ તોડતાં રહેવું, અને કદીબી ઉત્તેજન આપવું નહીં. એમ કરવા માટે પેહલાં માબાપોએ પોતે સુધરવાની જરૂરછે. આપણે દલગીરી સાથ જોઇએ છીએ કે કેટલાંક માબાપો પોતે વેરસી ચાલચલણ બીજાંઓ તરફ ચલાવે છે, જે જોઇ બચ્ચાંઓ પણ તેમ કરતાં શીખેછે. માટે બચ્ચાંઓને કેળવવા અગિમજ મોટાં માણસોએ પોતે સુધરવું જોઇએ, ને મોટું મન બતાવવું જોઈએ. વેરસીપણું શું બચ્ચાંને કે મોટાંને ધાટકીપણાં તરફ દોરવેછે, માટે એ બાબતમાં માબાપોએ ખુબ સાવચેત રહેવું. વળી મોટાં માણસોની ભુલથી પણ બચ્ચાંઓ વેર લેતાં શીખેછે. જેમકે એક બાળક પડી ગયું હોય તો, તેને રડતું ચુપ રાખવા માટે કહેવામાં આવેછે કે, માર ભોંયને, કેમ મને પાડી નાખી, કેમ વાગ્યું? વિગેરે કહી ભોંયને કે કોઈબી ચીજ કે જેથી બચ્ચાંને વાગ્યું હોય તેને મારવામાં આવેછે, પણ બારીકીથી જોતાં એ રીત સારી નથી. તેના પડી જવાનું વાજબી કારણ તેને સમજાવી સંભાલ લેતાં શીખવવું, ને જેમ બને તેમ નિરદોષ ને ખાલેશ રીતે ઉધારવું.

સ્પષ્ટ ઉચ્ચારે બોલવું.

બચ્ચાંઓને જેમ બને તેમ સ્પષ્ટ બોલતાં શીખવવું. સાફ ખુલ્લા ઉચ્ચારે બોલેલું જ્યારે મધુર લાગેછે, ત્યારે કેટલાક બચ્ચાંનું ગુંગણું ને નહી સમજી શકાય એવું બોલવાનું કંટાળો ઉપજાવે છે. કેટલાંક જાણે મોહડું બંધ રાખી ગુંગળાતો અવાજ કરેછે, કેટલાંક વળી એકેદમ મોટા ધાંટા પાડીને બોલેછે, કેટલાક બચ્ચાં શબ્દોને ગોયા કાપી નાખેછે ને તેમના છેલ્લા બોલો સમજાતા નથી; એવી બધી રીતો ઘણીજ

કંટાળા ભરી છે, માટે એવી ખામીઓ માલમ પડે કે તુરત સુધારવી. જ્યારેબી એક બચ્ચું તમારી સાથે વાત કરે, યા કંઇ માગે ત્યારે તેને બરાબર તમારા મોહડાં સામું જોઇ ખુલ્લા અવાજે ને દરએક શબ્દ સાફ સમજાય તેમ બોલવા કેહજો. જ્યારેબી છોકરાંઓ બોલતી વખતે પોતાનું મોહડું છુપાવે, ને તમારા ચેહરા સામું જોવાની હીમત નહી કરે, ને નીચી મુડીએ બડબડે ત્યારે જાણવું કે તેમનામાં સચ્ચાઈ નથી, અથવાતો કંઈબી ગેરસમજુતી છે. સાફ સફાઇદાર ઉચ્ચારે બોલવામાં ખરી ખુબી સમાયલી છે, અને તે બચપણથીજ શીખવેલી વેહેલી શીખાયછે.

સંપુર્ણ પ્યાર.

આખી દુન્યામાં એકજ એવી ચીજછે કે જેનેથી બચ્ચું કદી બીહતું નથી. અને તે ચીજ તેની માતાનો સંપુર્ણ પ્યારછે, એમ વાંચનાર તુરત સમજી લેશે. આહા? શું માતાના પ્યારની ખુબીછે? તે અણુહદ અનંત સાચ્ચો પ્યારછે. અને તેથીજ માતાઓએ બચ્ચાંપર રાજ કરતાં શીખવું જોઇએ. તેણીની પ્યારભરી આંખો, મીઠા હલક, ને મમતાળુ અવાજે, પણ મક્કમ ને ઠરેલ રીતભાતે બચ્ચાંને પોતાનાં તાબેદાર કરવાં જોઇએ.

સબુરી.

સબુરી એ ઘણી કિર્તિવંત ને ઉપ્યોગી ખુબી છે કે જે દરેક માતાએ ધરાવવી જોઇએ. જ્યારે પોતાના છોકરાંઓ હઠીલાં થાય ત્યારે તેણીએ ધીરજ ધરવી ને મક્કમ મન રાખવું. જ્યારે તેઓ રાવ ને ફરીયાદ કરતાં આવે ત્યારે, અને પોતાની મુશકેલીઓ બતાવે ત્યારે, તેણીએ સબુરી અખત્યાર કરવી. જ્યારેબી તેઓને હાથે કંઈ ખોટું કામ થાય, કંઇ બિગાડ થાય ત્યારે તે વખતે માતાએ ધીરજ ધરી તેઓને સમજાવવાં જોઇએ. તેઓ ચિરડાઉ, થાકેલાં, કે નબળાં નાતવાન હોય, કે ઉશકેરાયલાં ને પાજી મીજાજનાં હોય, તે સર્વે વખતે માતાએ ઘણી સબુરી રાખવી, ને તેના વાજબી ઇલાજો કરવા, ને ઘટતા ઉપાયો સમજાવવા. ખરેખર એ બધું કરવું એ કઇ ખાવાનું કામ નથી. એ માટે એક માતામાં ઘણા ઉમદા ગુણો ખીલેલા હોવા જોઈએ. અને એવી ગુણવંતી માતા તેજ ખરી લાયક ને ખુબીવંતી માતાછે. જોન રસકીન કહેછે કે "હમેશાં લોકો ખંત, હીમત, ને બહાદુરી વિશે વાતો કરેછે, પણ સબુરીમાં પેહલી, ઉત્તમ, ને લાયક બહાદુરી સમાયલી છે."

સ્વતંત્રતા.

બચ્ચાંઓને જેમ બને તેમ સ્વઆધારે રહેતાં શીખવવું જોઈએ. અને દરેક નજીવાં કામમાં પણ પારકાંને કે આયા દાયાને આધારે ઓશીઆલાં રહેવું ન જોઇએ. પોતાની નાની જરૂરીઆતના કામ બચ્ચાંએ પોતાને હાથે કરવાં જોઈએ, અને નોકર નફર ઉપર જેમ થોડો આધાર રાખીએ તેમ સારૂં, એમ સમજાવવું જોઈએ. પોતાને તેમજ પારકાને ઉપયોગી થવામાં ખરૂં સુખ સમજવું જોઇએ. અને ખરેખર તેમજ છે. એક બચ્ચું શું નાનું કે મોટું પોતાને હાથે થયલું કામ જોઇ કેવું ખુશી થાયછે! સ્વતંત્રતાનો ઉત્તમ ગુણ બચપણુથીજ ખીલવવો જોઇએ, કે જેથી તેઓની જીંદગી સુખી સુખીયારી થશે.

સફાઈ.

ઘરમાં દરેક બચ્ચાંએ સુઘડ ને સાફ રહેવું જોઈએ. તનદરૂસ્ત બચ્ચાં ઘરની બહાર રમત ગમત ને કસરતમાં મેલાં થવાં જોઇએ, પણ ઘરની અંદર પાછાં સાફ ને સુઘડ થઇ ફરવું જોઇએ. અને એ વિશે માતાઓએ પોતે સારો દાખલો આપવો જોઈએ. સ્વચ્છતા એ ખાસ જરૂરનો ગુણ છે, ને તે બચપણુથીજ શીખવવાની કાળજી રાખવી. જેમ સચ્ચાઈ ને પવિત્રાઈ તેમજ સફાઇ ખુદાઇછે. સ્વચ્છ બચ્ચાં, ને સફાઈદાર ઘરબાર આંખને અજબ મોહ પમાડી, દીલને ખુશ ખુશ કરે છે.

સચ્ચાઈ.

એ આપણા અસલી ઇરાંની ન્યાગાનેનો મુળ કાયદો હતો, અને તેજ અસલ કાયદાને વળગી રહી તેઓ મુળ સરૂઆતથીજ બચ્ચાંને સચ્ચાઇની શીખવણી આપતા હતા; તેમજ આપણુ સર્વેએ કાળજી રાખી બચ્ચાંઓને સાચ્ચું બોલતાં શીખવવું જોઇએ. આખા દીવસમાં બચ્ચાંઓ અરસપરસ રમતમાં, અને બીજી ઘણી બાબદોમાં જૂઠું બોલવાને લલચાયછે, તેજ વખતે વચ્ચે પડી માતાએ નરમાસથી તેઓને સાચ્ચું બોલવા શીખવવું જોઇએ; તેમજ માત પિતાએ પોતે પણ ઘણી બારીકીથી સચ્ચાઇને વળગી રહી રૂડો દાખલો આપવો, કેમજે કુમલાં બાળકો જેટલું શીખામણથી શીખશે તે કરતાં દશગણું વધારે ને જલદી તમારા દ્રષ્ટાંટથી શીખશે. વારંવાર તમે જોશો કે બચ્ચાંઓ પોતપોતામાં

રમતી વેળાએ, પોતાના માબાપની તેમજ બીજાં આસપાસનાં જેઓ તેમના સંબંધમાં આવ્યાં હોય તેમની ચાલચલણની નકલ કરેછે, તેજ સાબેત કરી આપેછે કે, માબાપે પોતની સાચ્ચી વર્તણુકનો છાપ તેમના કુમળાં મગજપર પાડવો જોઇએ. કેટલાંક ડાહ્યાં ને સમજુમાં ખપતાં મા તેમજ બાપને, મેં અફસોસ સાથ બોલતાં સાંભલ્યાં છે કે, હા, શું કરીએ જરૂર વેળા જૂઠું બી બોલવું પડે; દુન્યાં જૂઠાંની છે, ત્યારે આપણે શું કરીએ? હવે આ એક મોટી ભૂલ છે. એવા વિચારો બાળકો આગલ જાહેર થયાથી ઉત્તમ સચ્ચાઇનો કાનુન તોડવાને તેઓ અચકાતાં નથી. કેમજે તેમની નાની મુશકેલીઓ જે આપણે મન બીસાદ વગરની નજીવી, પણ તેમને મનથી કેવીએક મોટી ને ભારી છે, તેમાં તેઓ જરૂર પડવે જૂઠું બોલવાને લલચાય છે; કેમજે તેઓ પોતાના માબાપને ઉપર મુજબ બોલતાં સાંભળેછે. ત્યારે ઓ ભલાં માબાપો! તમારો પાક ધર્મ તમુને શું શીખવેછે તે યાદ કરો. ઓ જરથોસ્તી બાનુઓ! તમે રાતદીન અવસ્તાનો પાક કલામ જે અષેમ વોહુનો ભણોછો તેનો અર્થ શું તમે જાણત નથી? કે સચ્ચાઇના આવા ઉત્તમ ને પવિત્ર કાનુનો સમજ્યા પછી એમ કહેવું કે દુન્યાજ જુઠાની છે, માટે જરૂર પડવે જૂઠું બોલવું જોઇએ. એ કેવું બેહુદું છે? દુન્યાને જૂઠી બનાવનાર કોણ છે? એ સવાલ દરેક જણે પોતાના મનને પૂછવો જોઇએ. તમારૂં સાચ્ચું હૃદયજ તમને જવાબ દેશે કે માનવી પોતે? માણુસો જો જૂઠાંનો ત્યાગ ન કરે તો તેમાં દુન્યાં શું કરે? માટે દરેક માબાપે દુન્યામાં સચ્ચાઇનો વધારો કરવાની કોશેશ કરવી જોઇએ. બાળકોને બચપણથીજ સાચ્ચું બોલવાને, ને જૂઠાંને ત્યાગ કરવાને શીખવવું. શું જરૂરની કે વગર જરૂરની દરેક બાબતમાં કંઇજ નહી પણ સંપુર્ણ સાચ્ચું શીખવવું એ ઇનસાન માત્રની ફરજ છે. અને તે ફરજને ભુલનાર તે કિરતારના જવાબદાર છે. કંઇબી વાતચીત કે કંઇબી બાબતનું એક બચ્ચું બ્યાન કરે તે બારીકીથી સાંભળી તેને સહરાગાત કરતાં, ને જૂઠાં પર ઢલી પડતાં અટકાવવું. કેમજે તે કંઇ જાણીબુજીને જૂઠું બોલવા ચાહતું નથી, તોપણ વાતચીતમાં બેદરકારીથી, કે સહરાવેલાં રૂપે બોલવાની ટેવ પડ્યાથી તેનેથી જૂઠાં પર ઢલી જવાયછે. સચ્ચાઇમાંજ ઉત્તમ સુખ સમાયલું છે—એ ઉત્તમ કાયદો તેના કુમળાં મગજપર ઠસાવો, ને જુઓ કે તે કેવું સરસ નિવડશે. એવી નેક કેળવણી પામેલું બાળક પોતાની ને પોતાના માબાપની કિર્તિ વધારશે, ને માતાને ધન્ય કહેવાડશે.

સભ્યતા.

દરેક બચ્ચાંને સભ્યતા શીખવજો. સભ્યતા એ મંડળીમાં દાખલ થવાની પાયા કુંચી છે. સભ્યતા વગરનો છોકરો ગૃહસ્થપણાનો ગુણ ધરાવશે નહી. એક તોછડું તરકડું બચ્ચું કદી કોઇને વ્હાલું લાગશે નહી, ને જંગલી ગમાર જેવું નિવડશે. માટે તમારા બાળકોને શરૂઆતથીજ સભ્ય થઇ એક બીજાને ચાહતાં, ને કસુરો માફ કરતાં શીખવજો.

સભ્ય વાતચીત.

બચ્ચું સાંભળવામાં ને વાતચીતમાં ઘણું ચાલાક હોયછે, માટે તે કોમળ જીવડા સાથે સભ્યપણે ને નરમાશથી વાતચીત કરવી. બચ્ચાંઓ સાથે ચિરડાઇને કે ગુસ્સાથી મોટા સાદે બોલવું મુર્ખાઇ ભર્યુંછે. આવી રીતની અસભ્ય વાતચીત તેને કઠોર, કડકણું ને અસભ્ય બનાવેછે. બચ્ચાંની આસપાસની હાલત તેની રીતભાત ને ચાલચલણપર ઘણી અસર કરેછે, ને તે સલુકવંતુ સભ્ય નિવડશે કે તોછડું ને તરકડું નિવડશે તે નક્કી કરેછે. માટે તમારાં બચ્ચાંના સાથી સોબતીઓની તથા આસપાસના બીજા માણસોની ખરાબ ચાલચલણથી તેમને દુર રાખવાની પુર સંભાળ લેજો. કેટલાક અજ્ઞાન લોકો પોતાનાં બાળકો સાથે હમેશ ચિરડાઈને કે મોટા મોટા બરાડા મારીને વાત કરેછે, અને એવી કફોડી રીતથી તેઓનાં બચ્ચાં પણ બીગડીને ધુળ થાયછે. માટે હમેશ, શું મોટાં કે નાનાં, સર્વે સાથે સભ્યતા ને નમ્રતાથી વાતચીત કરવી. બચ્ચાંઓની કેળવણીમાં સભ્યતા ને નમ્રપણું પેહેલું હોવું જોઈએ. ચિરડાઉપણાથી ને ગુસ્સાથી તો બચ્ચાં ઉછેરવાનું ને કેળવવાનું વધારે કંટાળાભર્યું થઇ પડેછે; માટે માતાઓએ જેમ બને તેમ નરમાસ વાપરતાં શીખવું. શેકસપીઅર કહેછે કે ખુદાએ જે બચ્ચાં તમુને આપ્યાંછે, તેઓ તરફ નમ્ર થજો, ને તેઓની સારી સંભાળ લેજો.

સમાપ્ત.